# આગમનાં નય

## (દ્રવ્યાર્થિક – પર્યાયાર્થિક નય ગાઈડ)

## ◈ પ્રથમ ખંડ ◈

## ◈ આગમનાં નય ◈

સાચા દેવની વાણીને આગમ કહેવાય છે અને અધ્યાત્મ શાસ્ત્રોને પરમાગમ કહેવાય છે. સાચા સુખની પ્રાપ્તિનો માર્ગ બતાવનાર હોવાથી તેને પરમાગમ કહેવાય છે.

આત્માના સ્વરૂપને સમજવા - સમજાવવાવાળાં શાસ્ત્ર અધ્યાત્મ શાસ્ત્ર કહેવામાં આવે છે. આ પ્રકારે આપણે એમ કહી શકીએ કે જે શાસ્ત્રોમાં આત્માનું સ્વરૂપ સમજાવવામાં આવે છે, તેને પરમાગમ કહેવામાં આવે છે. સમસ્ત આગમ અને પરમાગમ નયોની ભાષામાં જ લિપિબદ્ધ છે.

### ◈ 1. નયોની આવશ્યકતા તેમ જ ઉપયોગિતા :-

જૈન દર્શનનું નય પ્રકરણ જેટલું અઘરું છે, તેટલું જ આવશ્યક (જરૂરી) છે; કારણ કે સમસ્ત જિનાગમ નયોની ભાષામાં જ લખાયેલું છે. તેથી સમસ્ત આગમ અને પરમાગમને સમજવા માટે નયોના સ્વરૂપને સમજવું અત્યંત જરૂરી છે. જે પ્રકારે આત્માના અનુભવ માટે નય વિભાગ દ્વારા ભેદજ્ઞાન કરવું પરમ આવશ્યક છે, તે જ પ્રકારે આગમનાં ગહન અભ્યાસ માટે નયોનું સ્વરૂપ જાણવું અત્યંત આવશ્યક છે. નયોના સ્વરૂપને સમજ્યા વગર આત્મકલ્યાણનાં સાચા માર્ગની ઉપલબ્ધિ કરવી સંભવ નથી અને ન તો

જિનાગમનું સાચું સ્વરૂપ સમજી શકાય છે. તેથી અધ્યાત્મ અને આગમ બંનેનાં અભ્યાસ માટે નયોનાં સ્વરૂપને ઊંડાણપૂર્વક જાણવું જરૂરી છે.

વસ્તુ સ્વરૂપને જાણવા તથા તેના પ્રતિપાદનમાં નયોનો પ્રયોગ એ જૈન દર્શનની આગવી વિશેષતા છે. અન્ય દર્શનોમાં નય નામની કોઈ વસ્તુ જ નથી, જ્યારે જૈન દર્શનમાં તત્વાર્થોને જાણવાનાં ઉપાયોની ચર્ચામાં પ્રમાણ અને નય બંનેનો સમાનરૂપથી ઉલ્લેખ[1] કરવામાં આવ્યો છે. પ્રમાણ બધાં નય રૂપ હોય છે. નય વાકયોમાં 'સ્યાત્' પદ[1] લગાવીને બોલવાથી જ પ્રમાણ કહેવામાં આવે છે. તેથી નયો વગર પ્રમાણોનું સમ્યક્ કઠણ જ થઈ શકતું નથી.

સામાન્ય-વિશેષાત્મક વસ્તુનાં સમસ્ત ગુણો અને વિરોધી પ્રતીત થવાવાળાં ધર્મોને એક સાથે ગ્રહણ કરવાવાળાં પ્રમાણ છે અને તેને મુખ્ય-ગૌણ ભાવથી ગ્રહણ કરવાવાળાં નય છે. જેમકે - 'તત્વ અનિર્વચનીય છે' - એ દ્રવ્યાર્થિકનયનો પક્ષ છે, 'દ્રવ્ય ગુણ-પર્યાયવાન છે'- એ પર્યાયાર્થિકનયનો પક્ષ છે તથા 'જે અનિર્વચનીય છે, તે જ ગુણ - પર્યાયવાન છે, કોઈ અન્ય નહીં અને જે આ ગુણ-પર્યાયવાન છે, તે જ તત્વ છે.' એવો પ્રમાણનો પક્ષ છે.' આ પ્રકારે પ્રમાણ અને નય - બંનેય વસ્તુ સ્વરૂપને જાણવા માટે અને પ્રતિપાદન માટે પોત-પોતાની રીતે ઉપયોગી છે.

નયોની આવશ્યકતા અને ઉપયોગિતા વિશે આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીનું કથન દ્રષ્ટવ્ય છે કે - જૈનમતનાં નયભેદ સમજવાં અઘરાં છે - જે કોઈ મૂઢ પુરુષ સમજ્યા વગર નયચક્રમાં પ્રવેશ કરે છે, તેને લાભને બદલે નુકસાન જ થાય છે.[2]

---

1. તત્વાર્થસૂત્ર - પહેલો અધ્યાય સૂત્ર-6 'प्रमाणनयैरधिगमः'
2. પંચાધ્યાયી પૂર્વાર્ધ, ગાથા - 747 – 748.
3. પુરૂષાર્થ સિદ્ધિ ઉપાય, શ્લોક-૫૯ની ટીકાનો ભાવાર્થ.

વીતરાગી જિનધર્મના મર્મને સમજવા માટે નયચક્રમાં પ્રવેશ અર્થાત્ નયોનું સાચું સ્વરૂપ સમજવું અત્યંત આવશ્યક છે, તેના પ્રયોગની વિધિ માત્રથી પરિચિત થવું જરૂરી નથી, પરંતુ તેમાં કુશળતા પ્રાપ્ત કરવી જરૂરી છે.

જે પ્રકારે તીક્ષ્ણ ધારવાળી તલવારથી બાળક રમે તો ખતરાથી (જોખમથી) ખાલી નથી, તે પ્રકારે અત્યંત તીક્ષ્ણ ધારવાળાં નયચક્રનાં જેમ - તેમ (મન ફાવે તેમ) પ્રયોગ પણ ઓછાં ખતરનાક નથી. જેવી રીતે તલવાર ચલાવવાની કલા શીખવી હોય તો સુયોગ્ય ગુરુના નિર્દેશનમાં વિધિપૂર્વક સાવધાનીથી શીખવી જોઈએ; તેવી રીતે નયોની પ્રયોગવિધિમાં કુશળતા પ્રાપ્ત કરવા નયચક્નાં સંચાલનમાં પ્રબુદ્ધ એવા ગુરુ જ શરણ છે.

સંક્ષેપમાં એમ કહી શકાય કે નયોનાં સ્વરૂપને સમજ્યા વગર જિનાગમનાં રહસ્ય સમજવા સંભવ નથી જ પરંતુ આત્મકલ્યાણનાં સાચા માર્ગની ઉપલબ્ધિ કરવી પણ સંભવ નથી.

◈ નયોની પ્રમાણિકતા :-

નયો વિષે એક પ્રશ્ન ઉત્પન્ન થઈ શકે છે કે - નય પ્રમાણ છે કે અપ્રમાણ? જો અપ્રમાણ છે, તો તેના પ્રયોગથી શું ફાયદો છે? અને જો પ્રમાણ છે, તો પ્રમાણથી ભિન્ન છે કે અભિન્ન? જો અભિન્ન છે, તો તેના અલગ વર્ણનની આવશ્યકતા નથી અને ભિન્ન છે, તો નય પ્રમાણ કેવી રીતે થઈ શકે? તો તે અપ્રમાણ જ રહે.

આનો ઉત્તર આપતાં જૈન શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે નય ન તો પ્રમાણ છે અને ન તો અપ્રમાણ. પ્રમાણતા અને અપ્રમાણતા સિવાય પણ એક ત્રીજી સ્થિતિ સંભવે છે,

---

2. પુરુષાર્થસિદ્ધયુપાય - શ્લોક 59 ની ટીકાનું ભાવાર્થ.

તે છે - પ્રમાણનું એકદેશપણું. પ્રમાણનું એકદેશ પ્રમાણ નથી, કારણ કે પ્રમાણના એકદેશ પ્રમાણથી તે સર્વથા અભિન્ન નથી. જેવી રીતે સમુદ્રના અંશને ન તો સમુદ્ર કહેવાય અને ન તો અસમુદ્ર કહેવાય. જો સમુદ્રના એક અંશને સમુદ્ર કહેવામાં આવે તો શેષ અંશ અસમુદ્ર થઈ જશે, અને જો સમુદ્રનો પ્રત્યેક અંશ સમુદ્ર છે તો બહુ બધાં સમુદ્ર થઈ જાશે. અને એવી સ્થિતિમાં સમુદ્રનું જ્ઞાન કેવી રીતે થઈ શકશે? વસ્તુત: વસ્તુનું એકદેશ ન તો વસ્તુ છે અને ન તો અવસ્તુ. તેમ જ જો પ્રમાણનું એકદેશ નય પ્રમાણ હોત, તો તે સર્વથા અભિન્ન હોત, તો પછી તેના અલગ કથનની આવશ્યકતા જ ન રહેત. નય અપ્રમાણ પણ નથી. કારણ કે પ્રમાણનું એકદેશ પ્રમાણથી સર્વથા ભિન્ન પણ નથી. દેશ અને દેશીમાં કથંચિત્ ભેદ માનવામાં આવે છે.

સંક્ષેપમાં એમ કહી શકાય કે નય વિવક્ષા વસ્તુનાં એક ધર્મનો નિશ્ચય કરાવવાવાળો હોવાથી એકાંત છે અને પ્રમાણ વિવક્ષા વસ્તુનાં અનેક ધર્મોનાં નિશ્ચયસ્વરૂપ હોવાના કારણે અનેકાંત છે. સમ્યક્ એકાંત નય કહેવાય છે અને સમ્યક્ અનેકાંત પ્રમાણ.

આમ આપણે જોયું કે પ્રમાણ નય ન થઈ શકે; કારણ કે તેનો વિષય અનેકાંત છે અને ન તો નય પ્રમાણ થઈ શકે છે; કારણ કે તેનો વિષય એકાંત (વસ્તુનો અંશ) છે.

નિષ્કર્ષ રૂપે કહી શકાય કે - જો કે નય પ્રમાણ સ્વરૂપ નથી, તે પ્રમાણથી કથંચિત્ ભિન્ન છે; કારણ કે જે અંશી અથવા ધર્મીમાં તેના બધાં અંશ અથવા ધર્મ ગૌણ થઈ જાય છે, તે અંશી મુખ્યરૂપથી દ્રવ્યાર્થિકનયનો વિષય છે. પ્રમાણના વિષયભૂત અંશીમાં કોઈપણ અંશ ગૌણ થતો નથી, બધાં જ અંશ મુખ્ય રહે છે. પ્રમાણનાં વિષયમાં મુખ્ય- ગૌણતાની વ્યવસ્થા નથી અર્થાત્ બધાં જ અંશ મુખ્ય છે, અંશોનાં સમૂહરૂપ અંશી પણ મુખ્ય છે, કોઈ પણ ગૌણ નથી. માટે નય પ્રમાણથી કથંચિત્ ભિન્ન છે; તથાપિ તેની

પ્રામાણિકતામાં શંકાને કોઈ સ્થાન નથી. વસ્તુસ્વરૂપનાં પ્રતિપાદનમાં પ્રમાણની જેમ જ નય પ્રામાણિક છે.

૩. મૂળનય કેટલાં?

જિનગમમાં જુદાં જુદાં શાસ્ત્રોમાં જુદી જુદી અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને નયોનાં ભેદ-પેટાભેદોનું વર્ગીકરણ અનેક રૂપમાં કરવામાં આવ્યું છે. આગમોમાં નયોનું પ્રતિપાદન મુખ્યરૂપે બે પ્રકારથી બતાવ્યું છે.

1. આગમિક નય 2. આધ્યાત્મિક નય.

જે નય મૂળરૂપથી છએ દ્રવ્યોનાં સ્વરૂપને સમજવા - સમજાવવામાં મદદરૂપ થાય છે, તેને આગમિક નય કહેવાય છે. આગમિક નયમાં વસ્તુ સ્વરૂપનું પ્રતિપાદન હોય છે. છએ દ્રવ્ય આ નયનો વિષય બને છે.

જે નય મૂળરૂપથી આત્માનાં સ્વરૂપને સમજવા - સમજાવવામાં મદદરૂપ થાય છે, તેને આધ્યાત્મિક નય કહેવાય છે. આધ્યાત્મિક નયોનો વિષય મુખ્યરૂપથી આત્મા જ હોય છે.

અધ્યાત્મ અને આગમ નયો સિવાય તત્વાર્થસૂત્રમાં ૭ નય[૧] અને પ્રવચનસારમાં ૪૭ નય[૨] બતાવવામાં આવ્યા છે.

ગોમ્મટસાર[૧] અને સન્મતિતર્કમાં[૨] તો ત્યાં સુધી લખ્યું છે કે - જેટલાં વચન વિકલ્પ છે; તેટલા જ નયનાં ભેદ છે.

------------------------------------------

૧. તત્વાર્થસૂત્ર, પહેલો અધ્યાય સૂત્ર – ૩૩

૨. પ્રવચનસાર, પરિશિષ્ટ.

૧. ગોમ્મટસાર, કર્મકાંડ ગાથા - ૮૯૪.

૨. સન્મતિતર્ક કારિકા ૩, ગાથા - ૪૭.

શ્લોકવાર્તિકમાં કહ્યું છે કે નય સામાન્યથી એક, વિશેષથી સંક્ષેપમાં બે, વિસ્તારથી સાત અને અતિ વિસ્તારથી સંખ્યાત ભેદવાળાં[3] છે. ધવલાકારની અપેક્ષાથી પણ અવાંતર ભેદોની અપેક્ષાએ નય અસંખ્ય છે.[૪]

સર્વાર્થસિદ્ધિ[૪] અને પ્રવચનસારનાં[૫] અનુસાર નય અનંત પણ હોઈ શકે છે; કારણ કે પ્રત્યેક વસ્તુની શક્તિઓ અનંત છે; તેથી પ્રત્યેક વસ્તુની શક્તિની અપેક્ષા ભેદને પ્રાપ્ત થઈ નય અનંત વિકલ્પરૂપ થઈ જાય છે.

આ પ્રકારે શાસ્ત્રોમાં નયોનો વિસ્તાર તો ઘણો છે; પરંતુ નયચક્ર[૬] અને આલાપ પદ્ધતિ[૭]માં નયોનાં મૂળભુત બે ભેદ (નિશ્ચય અને વ્યવહાર) માનવામાં આવ્યાં છે. આમાં નિશ્ચયનય દ્રવ્યાશ્રિત છે અને વ્યવહારનય પર્યાયાશ્રિત છે, તેથી  દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક - આ બંને નયો નિશ્ચય - વ્યવહાર નયનાં હેતુ છે.[૮]

નયચક્રના ઉક્ત કથનમાં જ્યાં એક બાજુ નિશ્ચય અને વ્યવહારને મૂળનય કહેવામાં આવ્યાં છે, ત્યાં બીજી બાજુ તે જ નયચક્રમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયોને મૂળનય બતાવતાં કહે છે કે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક - આ બે જ મૂળનય કહેવાય છે, અન્ય અસંખ્યાત - સંખ્યાને માટે આનાં જ ભેદ સમજવા જોઈએ.[૯]

-------------------------------------------------------

3. ધવલા, પુસ્તક ૧, ખંડ ૧, ભાગ ૧, સૂત્ર ૧, પેઇજ – ૯૧.

૪. સર્વાર્થસિદ્ધિ, અધ્યાય ૧, સૂત્ર 33ની ટીકા, પેઇજ – ૧૦૨.

૫. પ્રવચનસાર, પરિશિષ્ટ

૬. દ્રવ્યસ્વભાવપ્રકાશક નયચક્ર, ગાથા - ૧૮૨

૭. આલાપ પદ્ધતિ ગાથા-3

૮. આચાર્ય શિવસાગર સમૃતિ ગ્રંથ - પેઇજ – ૫૬૧

૯. દ્રવ્યસ્વભાવ પ્રકાશક નયચક્ર, ગાથા ૧૮3

આ પ્રકારે નિશ્ચય-વ્યવહાર અને દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિક બંને ને મૂળ નય બતાવવાવાળી બે દ્રષ્ટિઓ જોવામાં આવે છે. આ વિષે ડો. ભારિલ્લનું કહેવું છે કે - જો નિશ્ચય નયને દ્રવ્યાશ્રિત તેમ જ વ્યવહારનયને પર્યાયાશ્રિત બતાવીને બંને પ્રકારનાં મૂળનયોમાં સમન્વયનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે, તથાપિ એ નિશ્ચિતરૂપે કહી શકાય કે નિશ્ચય વ્યવહાર દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિકનાં પર્યાયવાચી નથી.

વસ્તુત: આ બે પ્રકારની કથન – પદ્ધતિઓનાં ભેદ છે, આને એકબીજામાં મેળવીને જોવાની આવશ્યકતા છે જ નહીં. મુખ્યત: અધ્યાત્મ પદ્ધતિમાં નિશ્ચય-વ્યવહાર શૈલીનો પ્રયોગ થાય છે અને આગમ પદ્ધતિમાં દ્રવ્યાર્થિક – પર્યાયાર્થિક શૈલીનો પ્રયોગ જોવામાં આવે છે.

જોકે આ બંને પદ્ધતિઓ જુદી-જુદી છે અને તેનો પ્રયોગ પણ જુદી-જુદી રીતે થાય છે. છતાં પણ પ્રયોગો વચ્ચે કોઈ વિભાજન રેખા ખેંચવી મુશ્કેલ છે, કારણ કે આગમ ગ્રંથોમાં અધ્યાત્મની અને અધ્યાત્મ ગ્રંથોમાં આગમની ચર્ચા જોવા મળે છે.

જોકે નિશ્ચય - વ્યવહાર અને દ્રવ્યાર્થિક – પર્યાયાર્થિક પર્યાયવાચી નથી, છતાં પણ દ્રવ્યાર્થિક નિશ્ચયનયની અને પર્યાયાર્થિક વ્યવહારનયની નિકટ અવશ્ય છે.[૧]

સંક્ષેપમાં એમ કહી શકાય કે અધ્યાત્મ શૈલીના મૂળનય નિશ્ચય – વ્યવહાર છે અને આગમ શૈલીના મૂળનય દ્રવ્યાર્થિક – પર્યાયાર્થિક છે. આ પ્રમાણે મૂળનય ચાર થયાં.

ડો. ભારિલ્લનું મંતવ્ય છે કે દ્રવ્યાર્થિક – પર્યાયાર્થિકને નિશ્ચય -

---

૧. પરમભાવ પ્રકાશ નયચક્ર પેજ – ૨૧

વ્યવહારનો હેતુ કહીને ગ્રંથકાર - આગમને અધ્યાત્મનો હેતુ કહેવા ઇચ્છે છે; કારણ કે આત્માનું સાક્ષાત હિત કરવાવાળો તો અધ્યાત્મ જ છે, આગમ તો તેનું સહકારી કારણ છે.[૨]

અહીં વિશેષ વાત ધ્યાન રાખવાં યોગ્ય એ છે કે દ્રવ્યાર્થિક – પર્યાયાર્થિક બંને નય નિશ્ચય – વ્યવહાર નયોનાં હેતુ છે; કારણ કે દ્રવ્યાર્થિકનાં અનેક ભેદોને અધ્યાત્મમાં વ્યવહાર કહેવામાં આવે છે અને પર્યાયાર્થિકનાં અનેક ભેદોનું કયાંક નિશ્ચયનાં રૂપમાં પણ કથન મળી આવે છે; તેથી દ્રવ્યાર્થિક માત્ર નિશ્ચયનયનું અને પર્યાયાર્થિક માત્ર વ્યવહાર નયનો હેતુ નથી.

નિષ્કર્ષના રૂપમાં ડો. ભારિલ્લ કહે છે કે - 'મૂળનય નિશ્ચય વ્યવહાર જ છે અને દ્રવ્યાર્થિક – પર્યાયાર્થિકને નિશ્ચય વ્યવહારનો હેતુ હોવાથી મૂળનય કહ્યાં છે.[૧]

◈ શું ગુણાર્થિકનય પણ હોવાં જોઈએ?

અહીં એક પ્રશ્ન ઉદ્દભવે છે કે - દ્રવ્ય અને પર્યાયના જેમ ગુણ પણ વસ્તુનો મહત્વપૂર્ણ અંશ છે; જેમ કે દ્રવ્યની વ્યાખ્યામાં કહેવામાં આવ્યું છે કે

'गुणपर्ययवद द्रव्यम्' અર્થાત્ દ્રવ્ય, ગુણ અને પર્યાયવાળું હોય છે. તેથી વસ્તુના દ્રવ્યાંશને ગ્રહણ કરવાવાળાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાંશને ગ્રહણ કરવાવાળાં પર્યાયાર્થિક નયના જેમ ગુણાંશને ગ્રહણ કરવાવાળો એક ગુણાર્થિકનય પણ હોવો જોઈએ.

ના, ગુણાર્થિક નામના અન્ય નયની કોઈ જ જરૂર નથી; કારણ કે ગુણ દ્રવ્યમાં અને ગુણભેદ પર્યાયમાં ગર્ભિત થઈ જાય છે અથવા

---

૨. પરમભાવ પ્રકાશ નયચક્ર પેજ – ૨૨

જ્યારે ગુણ અભેદ, એક, સામાન્ય રૂપથી વિવક્ષિત થાય છે, ત્યારે તે દ્રવ્યાર્થિકનયનાં તેમ જ જ્યારે ભેદ, અનેક તથા વિશેષ રૂપથી વિવક્ષિત થાય છે; ત્યારે પર્યાયાર્થિકનયનો વિષય બને છે. અથવા પર્યાયનાં બે પ્રકાર છે - ક્રમભાવી અને સહભાવી. કાલક્રમથી થવાવાળી પર્યાયોને ક્રમભાવી કહેવાય છે. જેમ કે- મનુષ્યમાં થવાવાળી બાલ્ય, કુમાર, યુવા આદિ અવસ્થાઓ અને વસ્તુની સાથે સદા રહેવાવાળી પર્યાયોને સહભાવી કહેવાય છે, જેમ કે - પુદ્ગલદ્રવ્યમાં રહેવાવાળાં સ્પર્શ, રૂપ, રસ અને ગંધ.

આ પ્રકારે આપણે જોયું કે સહભાવી પર્યાયરૂપ ગુણ-દ્રવ્ય અને પર્યાયથી ભિન્ન નથી. તેથી ઉક્ત બંને નયો સિવાય ત્રીજા ગુણાર્થિકનયની જરૂર જ નથી.

અહીં ફરીથી પ્રશ્ન ઉદ્ભવે છે કે જો ગુણ જ પર્યાય છે અર્થાત્ ગુણ અને પર્યાય એક જ છે, તો પછી દ્રવ્યની વ્યાખ્યામાં 'गुणपर्ययवद द्रव्यम्' - એમ શા માટે કહેવામાં આવ્યું છે?

વસ્તુમાં સહ -અનેકાંતની સિદ્ધિ માટે તો ગુણયુકતને દ્રવ્ય કહેવામાં આવ્યું છે અને ક્રમ - અનેકાંતના જ્ઞાન માટે પર્યાયયુકતને દ્રવ્ય કહેવામાં આવ્યું છે.

પ્રમાણથી દ્રવ્ય અને પર્યાયને જાણી લીધાં બાદ પણ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયોની આવશ્યકતા શા માટે ?

જો વસ્તુના દ્રવ્ય અને પર્યાય બંને પક્ષ પ્રમાણ દ્વારા સમ્યકરૂપે જાણી લેવામાં આવે છે તો પછી દ્રવ્યાર્થિક અથવા પર્યાયાર્થિક નયોની આવશ્યકતા શા માટે છે?

-----------------------------------------

૧. પરમભાવ પ્રકાશક નયચક્ર, પેજ – ૨૨

પ્રમાણ દ્વારા વસ્તુના દ્રવ્ય અને પર્યાય જાણી લીધા બાદ તેને જાણવાવાળાં નયોના પ્રયોગની આવશ્યકતા સમાપ્ત થતી નથી; કારણ કે બંનેને જાણવા માટે નીચે પ્રમાણે અંતર છે :-

(1) પ્રમાણ જ્ઞાનમાં મુખ્ય - ગૌણતાની વ્યવસ્થા ન હોવાથી તેમાં વસ્તુનાં બધાં પક્ષ સમાનરૂપથી પ્રતિભાસિત થાય છે; તેથી પ્રમાણ દ્વારા તો વસ્તુની વિશાળતા, વિરાટતાનો પરિચય થાય છે; જ્યારે નયજ્ઞાનમાં મુખ્ય - ગૌણની વ્યવસ્થા હોવાથી તેમાં એક પક્ષ મુખ્ય રહે છે, બાકીનાં બધાં પક્ષ તે સમયે ગૌણ રહે છે, અથવા બે પક્ષોમાં એક પક્ષ મુખ્ય રહે છે અને બીજો પક્ષ ગૌણ રહે છે. તેથી વસ્તુના પ્રત્યેક સ્વરૂપને જુદી - જુદી અપેક્ષાથી ઊંડાણપૂર્વક જાણવા માટે નયોની આવશ્યકતા હોય છે.

(2) દ્રવ્યાર્થિકનયનો વિષયભૂત દ્રવ્યસ્વભાવ અપરિવર્તનશીલ છે, શુદ્ધ - બુદ્ધ છે, અજર-અમર છે, પરિપૂર્ણ છે, તેથી દ્રવ્યાર્થિકનય સંબંધી વિષયવસ્તુના પરિજ્ઞાનથી પર્યાયમાં નિર્ભયતા, અદીનતા (પ્રભુતા) તેમજ સમતાભાવનો ઉદય થાય છે.

(3) પર્યાયાર્થિકનયનો વિષયભૂત પર્યાયસ્વભાવ પરિવર્તનશીલ છે, તે વર્તમાનમાં અશુદ્ધ છે, વિકૃત છે, અપૂર્ણ છે અને પર્યાયની સાથે જ નષ્ટ થવાવાળો છે. તેથી પર્યાયાર્થિકનયની વિષય-વસ્તુનું જ્ઞાન વૈરાગ્યોત્પાદક જ હોય છે, વીતરાગતાનું પોષક જ હોય છે.

(4) જીવનું સ્વરૂપ બે નયોથી બરાબર જ્ઞાન થાય છે. માત્ર દ્રવ્યાર્થિકનયથી કે માત્ર પર્યાયાર્થિકનયથી જ જ્ઞાન નથી થતું; માટે બંને નયોની આવશ્યકતા હોય છે.

(5) એકાંત દ્રવ્યને જ સ્વીકારે અને પર્યાયને સ્વીકાર ન કરે તો પર્યાય વગર દ્રવ્યનો સ્વીકાર કોણે કર્યો ? અને શેમાં કર્યો ? અને માત્ર પર્યાયનો જ

સ્વીકાર કરે, દ્રવ્યનો સ્વીકાર ન કરે તો પર્યાય પોતાની દ્રષ્ટિ ક્યાં એકાગ્ર કરશે ? માટે બંને નયોનો ઉપદેશ સ્વીકારી દ્રવ્ય - પર્યાયની સંધિ કરવા યોગ્ય છે.

(6) નય શ્રુતજ્ઞાનરૂપ પ્રમાણનો અંશ છે, તેના વિષયને જ વધારે સ્પષ્ટ કરીને દેખાડવાવાળો છે. અંશનાં નિષેધથી જે પ્રકારે અંશીનો નિષેધ પણ સહજ રીતે થઈ જાય છે; તે પ્રકારે અંશરૂપ નયોના નિષેધથી અંશી શ્રુતજ્ઞાનરૂપ પ્રમાણનાં નિષેધનો પણ પ્રસંગ પ્રાપ્ત થશે.

(7) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તેમજ સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગની ઉત્પત્તિ, વૃદ્ધિ તેમજ પૂર્ણતા - દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યસ્વભાવના આશ્રયથી જ થાય છે; તેથી રત્નત્રય પ્રાપ્તિ માટે પણ દ્રવ્યાર્થિકનયની આવશ્યકતા છે. તેના વગર તો મિથ્યાએકાંતરૂપી સર્વાધિક ખતરનાક રોગનું શમન જ નહીં થઈ શકે. તેથી સમ્યક્-જ્ઞાનરૂપ પ્રમાણ તેમ જ તેના અંશરૂપ નય બધાં પોત-પોતાનાં પ્રયોજનની સિદ્ધિ કરવાવાળાં હોવાથી ઉપયોગી જ છે.

(8) આત્માનુભૂતિ માટે પણ પ્રમાણથી ભિન્ન નયોની આવશ્યકતા છે.

આ પ્રકારે આપણે જોયું કે પ્રમાણ અને નય (દ્રવ્યાર્થિક – પર્યાયાર્થિક) બંને વીતરાગભાવનાં જ ઉત્પાદક છે; સાર્થક છે, ઉપયોગી છે. પ્રમાણ દ્વારા તો વસ્તુની વિરાટતા, વિશાળતાનો પરિચય થાય છે, પરંતુ વસ્તુના પ્રત્યેક સ્વરૂપને જુદી-જુદી અપેક્ષાથી ઉંડાણપૂર્વક જાણવા માટે નયોની આવશ્યકતા પડે છે; કારણ કે વસ્તુના અંશોની ગહન પકડ તો નયજ્ઞાનથી જ થાય છે. ત્યાં સુધી કે સમ્યક્દર્શન તેમજ સમ્યક્જ્ઞાનની ઉત્પતિ જ દ્રવ્યાર્થિકનયનાં વિષયભૂત દ્રવ્યસામાન્યના અવલોકનથી જ થાય છે. તેથી નયોનો પ્રયોગ અનિવાર્ય છે.

સંક્ષેપમાં આપણે એમ કહી શકીએ કે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનય વિશિષ્ટ પ્રયોજનની સિદ્ધિ માટે પોત-પોતાનાં વિષયોનું પ્રતિપાદન કરે છે અને પ્રમાણ સંપૂર્ણ વસ્તુને સ્પષ્ટ કરવા માટે તે બંનેના વિષયોને જોડી દે છે. તેથી ઉપર્યુકત કારણોથી પ્રમાણની સાથે બંને નયોની પણ આવશ્યકતા છે.

દ્રવ્ય-પર્યાયની સંધિનો અર્થ શું છે? અથવા બંને નયોની સફળતા શેમાં છે?

પર્યાયને જુદી કરીને લક્ષમાં ન લેતાં, અંર્તમુખ થઈને દ્રવ્ય સાથે એકાકાર કરવું અર્થાત્ દ્રવ્ય – પર્યાયનાં ભેદનાં વિકલ્પ તોડીને એકતારૂપ ર્નિવિકલ્પ અનુભવ કરવો જ દ્રવ્ય પર્યાયની સંધિ છે; તે જ બંને નયોની સફળતા છે.

પર્યાયને જાણતાં તેનું જ વિકલ્પમાં અટકી જઇએ તો તે નયની સફળતા નથી; તેવી જ રીતે દ્રવ્યને જાણતાં જો તેમાં એકાગ્રતા ન કરીએ તો તેમાં પણ નયની સફળતા નથી. દ્રવ્ય - પર્યાય બંનેને જાણીને, બંનેના વિકલ્પ તોડીને, પર્યાયને દ્રવ્યમાં અંર્તલીન અભેદ - એકાકાર થઈને અનુભવ કરવામાં જ બંને નયોની સફળતા છે.

◈ શું વસ્તુનું સ્વરૂપ આપણા પક્ષમાં છે?

હા, વસ્તુનું સ્વરૂપ આપણા પક્ષમાં જ છે; કારણ કે જે આપણને ઇષ્ટ છે, તે અપરિવર્તનશીલ છે, શાશ્વત છે તથા જે અનિષ્ટ છે, જેને આપણે પોતે બદલવા ઇચ્છીએ છીએ, તે પરિવર્તનશીલ છે, ક્ષણભંગુર છે.

જે પ્રકારે અપરિવર્તનશીલ શુદ્ધ-બુદ્ધ તત્વ આપણને નિર્ભય બનાવે છે, દીનતાનો ભાવ ઉત્પન્ન થવા દેતો નથી; તે પ્રકારે પરિવર્તનશીલ વિકાર પણ આપણને આશ્વાસન આપે છે કે ચિંતાની કોઈ વાત નથી; કારણ કે અશુદ્ધતા શાશ્વત નથી. તેથી વસ્તુનું સ્વરૂપ આપણા પક્ષમાં જ છે.

◈ નય આત્માનુભૂતિ માટે આવશ્યક શા માટે છે ?

સામાન્ય - વિશેષાત્મક વસ્તુના વિશેષ અંશને ગૌણ કરીને જ્યારે દ્રષ્ટિ

સામાન્ય અંશને વિષય બનાવે છે, ત્યારે જ સહજ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે; આત્માનુભૂતિ થાય છે.

જ્યારે દ્રવ્યાર્થિકનય દ્રવ્ય – પર્યાયાત્મક વસ્તુના પર્યાયપક્ષને સર્વથા ગૌણ કરીને, પર્યાયોની ઉપેક્ષા કરતી વખતે સમ્યક્ અથવા મિથ્યા પર્યાયોના ભેદ ન કરીને, સંપૂર્ણપણે પર્યાયપક્ષને અવિવક્ષિત રાખીને, માત્ર અભેદ, સામાન્ય દ્રવ્ય પર જ દ્રષ્ટિને કેન્દ્રિત કરે છે; ત્યારે દ્રષ્ટિનો વિષય સામાન્ય દ્રવ્ય જ બને છે અને ત્યારે સહજ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે, આત્માનુભૂતિ પ્રગટ થાય છે. તેથી આત્માનુભૂતિ માટે દ્રવ્યાર્થિકનય આવશ્યક છે.

જ્યારે દ્રવ્યાર્થિકનય પરથી દ્રષ્ટિ દૂર જાય છે, ત્યારે આપણી દ્રષ્ટિ સંપૂર્ણ વસ્તુ ઉપર અથવા પર્યાય ઉપર જાય છે. જ્યારે પર્યાય ઉપર દ્રષ્ટિ જાય છે, ત્યારે દ્રવ્યપક્ષને સંપૂર્ણપણે ગૌણ કરવો પડે છે; નહીંતર પર્યાયનું વાસ્તવિક સ્વરૂપ સ્પષ્ટ થઈ શકતું નથી અને ન તો પ્રમાણ જ્ઞાનમાં સંપૂર્ણ વસ્તુનું જ્ઞાન થઈ શકે છે. તેથી સંપૂર્ણ વસ્તુના જ્ઞાન માટે, સમ્યગ્જ્ઞાન માટે - બંને નયોને જાણવાં આવશ્યક છે અને સમ્યગ્જ્ઞાન માટે સમ્યગ્દર્શન આવશ્યક છે તથા સમ્યગ્દર્શન માટે આત્માનુભૂતિ આવશ્યક છે. સંક્ષેપમાં કહીએ તો આત્માનુભૂતિ માટે નય આવશ્યક છે.

# આગમનાં નય (દ્રવ્યાર્થિક – પર્યાયાર્થિક નય ગાઈડ)

## ◈ દ્વિતીય ખંડ ◈

## ◈ દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય ◈

૧. સ્વરૂપ :-

પ્રત્યેક વસ્તુ સામાન્ય - વિશેષાત્મક છે. યદ્યપિ વસ્તુ, પદાર્થ, દ્રવ્યને સામાન્ય રીતે પર્યાયવાચી રૂપમાં જ દર્શાવવામાં આવે છે, તથાપિ 'વસ્તુ'

અને 'પદાર્થ'ને સાંભળતાં જ આપણું ધ્યાન ટેબલ, ખુરશી વગેરે વસ્તુઓ તરફ જ જાય છે; જ્યારે પ્રસ્તુત પ્રકરણમાં જીવને પણ વસ્તુ, પદાર્થમાં સમ્મિલિત કરવામાં આવ્યાં છે. વસ્તુત: અહીં 'વસ્તુ', 'પદાર્થ' શબ્દ 'દ્રવ્ય'ના અર્થમાં જ દર્શાવવામાં આવ્યા છે.

'દ્રવ્ય' સાંભળતાં જ આપણું ધ્યાન છ દ્રવ્યો તરફ જાય છે. છએ દ્રવ્યોનો સમાવેશ સંપૂર્ણ વિશ્વમાં થઈ જાય છે, જગતની સમસ્ત ચલાચલ (જીવાજીવ) વસ્તુઓનો તેમાં સમાવેશ થઈ જાય છે.

આપણે બધી વસ્તુઓને, દ્રવ્યોને અને પદાર્થોને જાણીએ છીએ. બધી વસ્તુઓને પ્રમાણ અને નય દ્વારા જ જાણી શકાય છે. પ્રમાણ દ્વારા સંપૂર્ણ વસ્તુઓને જાણીએ છીએ અને નયો દ્વારા વસ્તુઓના અંશોને જાણીએ છીએ. પ્રમાણ દ્વારા જાણતી વખતે વસ્તુના બધાં જ અંશ મુખ્ય હોય છે, કોઈપણ અંશ ગૌણ થતો નથી; કારણ કે પ્રમાણમાં મુખ્ય - ગૌણની વ્યવસ્થા જ નથી. જ્યારે નયો દ્વારા જાણતી વખતે થોડાં અંશો મુખ્ય અને થોડાં ગૌણ હોય છે.

વસ્તુના સામાન્ય અંશને વિષય બનાવવાવાળાં જ્ઞાનનાં અંશને દ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે અને વસ્તુનાં વિશેષ અંશને વિષય બનાવવાવાળાં જ્ઞાનનાં અંશને પર્યાયાર્થિકનય કહેવામાં આવે છે તથા બંને અંશોનું એકસાથે ગ્રહણ કરવાવાળાં જ્ઞાનને પ્રમાણ કહેવામાં આવે છે.

2. વિષય વસ્તુ :-

દ્રવ્યાર્થિકનય સામાન્ય – વિશેષાત્મક વસ્તુના વિશેષ અંશને ગૌણ કરીને માત્ર સામાન્ય અંશને વિષય બનાવે છે અને પર્યાયાર્થિકનય વસ્તુના સામાન્ય અંશને ગૌણ કરીને વિશેષ અંશને વિષય બનાવે છે. ઉક્ત વ્યાખ્યાને આપણે એમ પણ સમજી શકીએ- જેમકે- જે સામાન્ય – વિશેષાત્મક (દ્રવ્ય -પર્યાય સ્વરૂપ) વસ્તુમાં, વિશેષ અંશને (વસ્તુમાં વિદ્યમાન

પર્યાય અંશને) ગૌણ કરીને, માત્ર સામાન્ય અંશને વિષય બનાવે, અને મુખ્યરૂપથી દ્રવ્યનો અનુભવ કરાવે. સંક્ષેપમાં એમ કહી શકાય કે દ્રવ્યાર્થિકનય દ્રવ્ય - પર્યાય સ્વરૂપ વસ્તુમાં પર્યાયને ગૌણ કરીને મુખ્ય રૂપે દ્રવ્યનો અનુભવ કરાવે છે અને પર્યાયાર્થિકનય દ્રવ્ય (સામાન્ય અંશ)ને ગૌણ કરીને મુખ્યરૂપે પર્યાય (વિશેષ અંશ)નો અનુભવ કરાવે છે. આ બંને નયનો વિષય એક વસ્તુની મર્યાદાની અંદર છે.

આ નયોનું મૂળ કાર્ય સમસ્ત વસ્તુઓને મેળવીને જોવાની અપેક્ષાએ મુખ્યરૂપે પ્રત્યેક વસ્તુને તેના વિભિન્ન પક્ષોથી જોવાની છે, પ્રકાશિત કરવાની છે; કારણ કે વસ્તુના મૂળ પક્ષ બે છે - દ્રવ્ય અને પર્યાય; તેથી તેને ગ્રહણ કરવાવાળાં મૂળ નય પણ બે છે - દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક.

જે વસ્તુના જે અંશ જે નયનો વિષય બને છે તે મુખ્ય હોય છે, બાકીનાં અંશ ગૌણ રહે છે. મુખ્ય અંશને વિવક્ષિત અંશ અને ગૌણ અંશને અવિવક્ષિત અંશ કહેવામાં આવે છે. અહીં વિશેષ વાત ધ્યાન આપવા યોગ્ય એ છે કે નય અપરપક્ષ (અન્ય પક્ષ)ને ગૌણ કરે છે, અભાવ નહીં અર્થાત્ તે પક્ષોની વસ્તુમાં સત્તા તો છે, પરંતુ તે હમણાં આપણા જ્ઞાનનો વિષય નથી. જેમ કે - દરેક વસ્તુમાં સામાન્ય અને વિશેષ અંશ વિદ્યમાન છે. જ્યારે આપણે વસ્તુનાં સામાન્ય અંશને વિષય બનાવીએ છીએ, ત્યારે વિશેષ અંશ ગૌણ થઈ જાય છે અને જ્યારે વિશેષ અંશને વિષય બનાવીએ છીએ, ત્યારે સામાન્ય અંશ ગૌણ થઈ જાય છે.

વસ્તુનો સામાન્ય અંશ દ્રવ્યાર્થિકનયનો, વિશેષ અંશ પર્યાયાર્થિકનયનો તેમ જ જેમાં સામાન્ય અને વિશેષ બંને અંશ ગર્ભિત છે - એવા સામાન્ય – વિશેષાત્મક સંપૂર્ણ વસ્તુ પ્રમાણનો વિષય છે. અહીં વિશેષ વાત ધ્યાન આપવા યોગ્ય એ છે કે જે પ્રકારે પ્રમાણની વિષયરૂપ ઉક્ત વસ્તુ દ્રવ્યની અપેક્ષા સામાન્ય – વિશેષાત્મક છે; તે પ્રકારે ક્ષેત્રની અપેક્ષા ભેદાભેદાત્મક,

કાળની અપેક્ષા નિત્યાનિત્યાત્મક તેમ જ ભાવની અપેક્ષા એકાનેકાત્મક પણ છે. પ્રમાણનો વિષય સામાન્ય – વિશેષાત્મક વસ્તુની સાથે, એકાનેકાત્મક, નિત્યાનિત્યાત્મક તેમ જ ભેદાભેદાત્મક વસ્તુ પણ છે. પ્રમાણની વિષયભૂત ઉક્ત વસ્તુમાં દ્રવ્યાર્થિકનયનો વિષય સામાન્ય, એક, નિત્ય તેમજ અભેદ સ્વરૂપ વસ્તુનો અંશ બને છે તથા પર્યાયાર્થિકનયનો વિષય વિશેષ, અનેક, અનિત્ય તેમજ ભેદ સ્વરૂપ વસ્તુનો અંશ બને છે.

દ્રવ્યાર્થિકનયના વિષયરૂપ અંશીમાં તેના બધાં અંશ ગૌણ છે અને પ્રમાણના વિષયરૂપ અંશીમાં અંશની સાથે તે અંશ પણ મુખ્યરૂપે જ વિષય બને છે.

નય અપરપક્ષને ગૌણ કરે છે, અભાવ નહીં અને પ્રમાણના વિષયમાં મુખ્ય – ગૌણની વ્યવસ્થા જ નથી.

વસ્તુત: દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનય વસ્તુનાં સામાન્ય અને વિશેષ સ્વરૂપને જાણવાવાળી બે આંખો છે.

ઉક્ત બંને આંખોમાંથી પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને જ્યારે માત્ર ખુલ્લાં રાખેલાં દ્રવ્યાર્થિક ચક્ષુ દ્વારા જોવામાં આવે છે, ત્યારે નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ, દેવત્વ અને સિદ્ધત્વ પર્યાયરૂપ વિશેષોમાં રહેનારા એક જીવસામાન્યને દેખનારાં અને વિશેષોને ન દેખનારા જીવોને 'તે બધાં જીવદ્રવ્ય છે,' - એમ જણાય છે. અને જ્યારે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને માત્ર ખુલ્લાં રાખેલાં પર્યાયાર્થિક ચક્ષુ વડે જોવામાં આવે છે, ત્યારે જીવદ્રવ્યમાં રહેનારાં નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ, દેવત્વ અને સિદ્ધત્વ પર્યાયરૂપ વિશેષોમાં જોનારાં અને સામાન્યને ન જોનારાં જીવોને 'તે જીવદ્રવ્ય નારક આદિ પર્યાય સ્વરૂપ' છે - એમ ભાસિત થાય છે; કારણ કે દ્રવ્ય તે - તે વિશેષોના સમયે તન્મય હોવાથી તે - તે વિશેષોથી અનન્ય છે.

જેવી રીતે ઘાસ, લાકડાં આદિનો અગ્નિ તે - તે સમયે જ ઘાસમય, લાકડાંમય હોવાથી ઘાસ, લાકડાં આદિથી અનન્ય છે; તેવી રીતે દ્રવ્ય તે - તે પર્યાયરૂપ વિશેષોના સમયે તેનાથી તન્મય હોવાથી અનન્ય છે.

જ્યારે તે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બંને આંખોને એક સાથે ઉઘાડી બંને વડે એક સાથે જોવામાં આવે છે, ત્યારે નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ, દેવત્વ અને સિદ્ધત્વપર્યાયોમાં રહેનારા જીવસામાન્ય તથા જીવસામાન્યમાં રહેનારા નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ, દેવત્વ અને સિદ્ધત્વપર્યાયરૂપ વિશેષ એક જ સાથે જોવામાં આવે છે.

અહીં વિશેષ વાત ધ્યાન આપવા યોગ્ય એ છે કે દ્રવ્યાર્થિક ચક્ષુથી જોતી વખતે પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ રાખવાના છે, કિંચિત્‌માત્ર પણ ઉઘાડાં રાખવાનાં નથી, જો પર્યાયાર્થિક ચક્ષુને કિંચિત્‌માત્ર પણ ઉઘાડાં રાખવામાં આવે તો દ્રવ્યાર્થિકનયનો વિષયભૂત દ્રવ્ય દેખાશે નહીં, આમ પર્યાયાર્થિક ચક્ષુથી જોતી વખતે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ રાખવાના છે, કિંચિત્‌માત્ર પણ ખુલ્લાં રાખવાનાં નથી; અન્યથા પર્યાયાર્થિક નયની વિષયભૂત પર્યાયો દેખાશે નહીં. એક નયની વિષયભૂત વસ્તુને જોવા માટે બીજાં નયની આંખને પૂરી રીતે બંધ કરવી આવશ્યક જ નહીં, અનિવાર્ય છે. પણ ધ્યાન રહે કે દ્રવ્યાર્થિક ચક્ષુથી જોતી વખતે પર્યાયાર્થિક ચક્ષુને માત્ર સર્વથા બંધ જ રાખવાનાં છે, ફોડી નાખવાના નથી; કારણ કે સર્વથા બંધ રાખવાથી સમ્યક-એકાંત થાય છે અને ફોડી નાખવાથી મિથ્યા એકાંત.

જેમ લક્ષ-બિંદુને વીંધવા માટે બંદૂક વાપરતી વખતે એક આંખને પૂરી રીતે બંધ કરવી પડે છે, અન્યથા લક્ષ્યને વીંધી શકાતું નથી; તેમ આપણા વિષયના લક્ષ્યને વીંધવા માટે બીજા નયને સર્વથા ગૌણ કરવો પડે છે. તથા જે પ્રકારે લક્ષ્યને વીંધવાના પ્રયોજનથી બીજી આંખને સર્વથા બંધ કરવી આવશ્યક છે, ફોડી નાખવાની જરૂર નથી; તે પ્રકારે એક નયના વિષયના

સ્પષ્ટ પ્રતિભાસ માટે અપર પક્ષને સર્વથા ગૌણ કરવો આવશ્યક છે, તેનો નિષેધ કરવો આવશ્યક નથી.

'આપણું કામ તો લક્ષ્યને વીંધવાનું જ છે, એમાં બીજી આંખને વારંવાર બંધ કરવી પડે છે; આ બંધ કરવાની ઝંઝટમાં વારંવાર કોણ પડે ?' - આ વિકલ્પથી જો કોઈ લક્ષ્યવેધી (નિશાનબાજ) બીજી આંખ જ ફોડી નાંખે તો તે એક આંખવાળો (કાણો) જ થઈ જશે. તેમ 'આપણે તો માત્ર દ્રવ્યદ્રષ્ટિથી પ્રયોજન છે, આ પર્યાયોને જાણવાથી શું લાભ છે? દ્રવ્યને જાણવા માટે વારંવાર પર્યાયાર્થિક નયની આંખ બંધ કરવી પડે છે.' આમ પર્યાયાર્થિક નયને સર્વથા ગૌણ કરવાની ઝંઝટથી બચવા માટે પોતાને આત્માર્થી માનનાર કોઈ અજ્ઞાની જો પર્યાયાર્થિક નયનો સ્વીકાર જ ન કરે, તેનો સર્વથા નિષેધ જ કરી દે તો તેને એકાંતી (મિથ્યા-એકાંતી) જ માનવામાં આવશે.

આમ 'બગડવું - સુધરવું તો પર્યાયમાં જ થાય છે; તેથી તેને જ સુધારવાની છે, સંભાળવાની છે; માટે તેને જ જોતાં-જાણતાં રહેવાનું છે. પર્યાયને જોતી વખતે દ્રવ્યાર્થિક ચક્ષુને વારંવાર બંધ કરવાં પડે છે. આમ દ્રવ્યાર્થિક નયને સર્વથા ગૌણ કરવાની ઝંઝટથી બચવા માટે જો કોઈ વ્યવહાર વિમૂઢ પર્યાયદ્રષ્ટિવાળો દ્રવ્યાર્થિકનયનો સ્વીકાર જ ન કરે, તેનો સર્વથા નિષેધ જ કરી દે, તો પણ તે એકાંતી (મિથ્યા એકાંતી) જ માનવામાં આવશે તથા મિથ્યા - એકાંત જૈન આચાર્યોને સ્વીકાર્ય નથી; તેથી મિથ્યા-એકાંત નય નથી, સમ્યક - એકાંત જ નય કહેવાય છે.

બીજી વાત એ પણ છે કે જો પર્યાયોને સુધારવાના ચક્કરમાં જીવ તેને જોતો જ રહેશે, દ્રવ્યને જોશે જ નહીં તો તેની પર્યાયનો સુધાર પણ સંભવ નથી; કારણ કે પર્યાયોનો સુધાર તો દ્રવ્યાધીન છે. કહેવાનો આશય એમ છે કે દ્રવ્યદ્રષ્ટિવંતને જ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. દ્રવ્ય પર દ્રષ્ટિ જવાથી જે નવી પર્યાય પ્રગટ થાય છે, તે સુધરેલી કે નિર્મળ જ હોય છે. આ પ્રકારે

જ્ઞાનીઓ તો સદા સમ્યક્-જ્ઞાન સ્વરૂપ પ્રમાણ જ પ્રકાશિત હોય છે, દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિકનયનો પ્રયોગ તો યથાસંભવ પ્રયોજન અનુસાર જ હોય છે.

શું સર્વથા શબ્દનો પ્રયોગ મિથ્યા-એકાંતનું દ્યોતક છે?

શું નયોના પ્રકરણમાં સર્વથા શબ્દનો પ્રયોગ કરી શકાય છે?

ઘણાં લોકો કહે છે કે જૈન દર્શનમાં સર્વથા શબ્દનો પ્રયોગ છે જ નહીં, તો ઘણાં કહે છે કે સર્વથા શબ્દનો પ્રયોગ મિથ્યા-એકાંતનાં અર્થમાં થાય છે અને ઘણાં કહે છે કે જૈન દર્શનમાં 'સર્વથા', 'એકાંત' તેમજ 'જ' શબ્દનો સદા માટે નિષેધ કરવામાં આવ્યો છે. ઉપર્યુકત બધાં વાક્યો સાચાં નથી; કારણ કે નયોનાં પ્રકરણમાં આપણે જોઈશું કે સર્વથા શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

'સર્વથા', 'એકાંત', તથા 'જ' – આ બધાં શબ્દો જ્યારે એકલાં વાપરવામાં આવે છે, ત્યારે મિથ્યાત્વના સૂચક હોતા નથી; પરંતુ જ્યારે તે એકબીજાં સાથે મળીને વાપરવામાં આવે છે તો મિથ્યાત્વના સૂચક થઈ જાય છે અર્થાત્ જ્યારે એકાંતને જ સર્વથા સ્વીકાર કરવામાં આવે છે, ત્યારે જ તે મિથ્યા એકાંતરૂપ થાય છે; પરંતુ જ્યારે તેને સર્વથા ન માનીને કથંચિત્ માનવામાં આવે છે, ત્યારે તે મિથ્યા - એકાંત ન થઈને સમ્યક્ એકાંતરૂપ થાય છે. જ્યારે 'સર્વથા - એકાંત', 'સર્વથા જ', 'એકાંત જ' વગેરે. તેથી સ્યાદ્વાદમાં 'જ' અથવા 'જ'નાં વાચક 'સર્વથા' વગેરે શબ્દોનાં પ્રયોગ હાનિકારક નથી, પરંતુ વિશિષ્ટ અર્થનાં પ્રતિપાદક હોવાથી આવશ્યક છે, ગુણકારક જ છે.

'આપ્તમીમાંસા'માં આચાર્ય સમંતભદ્ર પણ સર્વથા - એકાંતનો નિષેધ કરતાં કહે છે કે :-

त्वन्मतामृतबाह्यानना, सर्वथैकान्तवादिनाम् ।।
आप्ताभिमानदग्धानां, स्वेष्टं दृष्टेन बाध्यते ।।

આપનાં મતરૂપી અમૃતથી બહાર, જે પણ આપ્તાભિમાનથી દગ્ધ સર્વથા -

એકાંતવાદી છે, તેમના દ્વારા પ્રતિપાદિત તત્વ પ્રત્યક્ષાદિ પ્રમાણોથી બાધિત છે.

આચાર્ય સમંતભદ્રની ઉપર્યુક્ત કારિકામાં 'સર્વથા - એકાંત'નો નિષેધ કરવામાં આવ્યો છે, 'સર્વથા' તેમ જ 'એકાંત'નો નહીં.

એવકાર (જ) તો એકાંતનું જ સૂચક છે, પરંતુ જ્યારે તેનો પ્રયોગ 'સ્યાત્' પદની સાથે કરવામાં આવે છે ત્યારે તે અનેકાંતના અંશરૂપ સમ્યક્ એકાંતનો વાચક થઈ જાય છે. 'જ'કાર વગર નયોનો પ્રયોગ સંભવ જ નથી. તેથી જકારના બહિષ્કારથી નયનાં બધાં પ્રયોગ જ બહિષ્કૃત થઈ જશે. નયોના પ્રયોગમાં 'જ'ની અનિવાર્યતા અસિદ્ધ નથી; પરંતુ આગમસિદ્ધ જ છે.

નયવાક્યોમાં 'જ'નો પ્રયોગ અનિવાર્ય છે. તેથી 'જ'કારના બહિષ્કારથી નયના બધાં પ્રયોગોનો બહિષ્કાર અનિવાર્ય થઈ જાય છે. નયોનાં બહિષ્કારથી જિનવાણીનો પણ બહિષ્કાર થઈ જશે. કારણ કે સમસ્ત જિનાગમ નયોની ભાષામાં લિપિબદ્ધ છે.

સંક્ષેપમાં એમ કહી શકાય કે - બધાં નય એકાંતસ્વરૂપ જ હોય છે. સમ્યક્-એકાંત નય છે અને મિથ્યા - એકાંત નયાભાસ – આ પ્રકારે સમ્યક્-અનેકાંત પ્રમાણ છે અને મિથ્યા - અનેકાંત પ્રમાણાભાસ.

અહીં વિશેષ વાત ધ્યાન આપવા યોગ્ય એ છે કે સર્વથા શબ્દનો પ્રયોગ અનેક અર્થોમાં થાય છે. જેમ કે - વિષયવસ્તુમાં આપેલાં આંખના ઉદાહરણમાં સર્વથા બંધ કરવાનો અર્થ સર્વથા ગૌણ કરવાનાં અર્થમાં છે. નયો વિશે જ્યારે પણ નિત્યતા મુખ્ય છે, વિવક્ષિત છે ત્યારે અનિત્યતા સંપૂર્ણ રીતે ગૌણ છે, અવિવક્ષિત છે. તેવી જ રીતે જ્યારે અનિત્યતા મુખ્ય છે, વિવક્ષિત છે ત્યારે નિત્યતા સંપૂર્ણ રીતે ગૌણ અવિવક્ષિત છે તથા જ્યારે પ્રમાણની વાત આવે છે ત્યારે મુખ્યતા - ગૌણતાનો પ્રશ્ન જ સમાપ્ત થઈ જાય છે અથવા એમ પણ કહી શકાય કે બંને પક્ષ સમાનરૂપથી જ મુખ્ય થઈ જાય છે, વિવક્ષિત થઈ જાય છે.

શાસ્ત્રોમાં અનેક સ્થાનો પર 'સર્વથા' શબ્દનો પ્રયોગ 'જ' ના અર્થમાં પણ કરવામાં આવ્યો છે. જેમ કે દ્રવ્યાર્થિકનયથી વસ્તુ સર્વથા નિત્ય છે અર્થાત્ નિત્ય જ છે. પર્યાયાર્થિકનયથી વસ્તુ સર્વથા અનિત્ય છે અર્થાત્ અનિત્ય જ છે, તેમ જ પ્રમાણથી વસ્તુ નિત્યાનિત્યાત્મક છે અર્થાત્ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.

ઉકત કથનથી આપણે સ્પષ્ટ જોઈશું કે 'સર્વથા' શબ્દનો પ્રયોગ એક પ્રકારથી 'જ' ના અર્થમાં કરવામાં આવ્યો છે. અનેક સ્થાનો પર 'સર્વથા' શબ્દનો પ્રયોગ કથનની દ્રઢતા કરાવવા માટે પણ થાય છે, કોઈ વાત પર વિશેષ બળ આપવા માટે પણ થાય છે; એટલે સુધી કે ધ્યાન આકર્ષિત કરવા માટે પણ થાય છે તથા અનેક સ્થાનો પર સર્વથા શબ્દનો પ્રયોગ મિથ્યા - એકાંતના ખંડન માટે પણ થાય છે.

સર્વથા શબ્દના વિભિન્ન અર્થોને સમજવા માટે આપણે સર્વથા શબ્દનો મર્મ ઊંડાણપૂર્વક સમજવો પડશે. જેમ કે સર્વ = બધાં (દ્રવ્ય અપેક્ષા), સર્વત્ર = બધી જગ્યાએ (ક્ષેત્ર અપેક્ષા), સર્વદા = પ્રતિ સમય (કાળ અપેક્ષા), સર્વથા = સર્વ પ્રકારે (ભાવ અપેક્ષા). આમ આપણે જોયું કે 'સર્વ' શબ્દ દ્રવ્યવાચી, 'સર્વત્ર' શબ્દ ક્ષેત્રવાચી, 'સર્વદા' શબ્દ કાળવાચી તેમ જ 'સર્વથા' શબ્દ ભાવવાચી છે.

અહીં સર્વથા બંધ કરવામાં પણ ભાવ અપેક્ષાની જ વાત છે અર્થાત્ સદાકાળ બંધ રાખવાનું નથી, બધાને બંધ રાખવાના નથી અને સર્વત્ર પણ બંધ રાખવાના નથી. બસ, જ્યારે દ્રવ્યાર્થિક ચક્ષુથી જોઈએ ત્યારે જ પર્યાયાર્થિકનયના ચક્ષુને બંધ રાખવાનું છે; દ્રવ્યાર્થિકનયથી જોવાવાળાઓએ જ પર્યાયાર્થિકનયનાં ચક્ષુને બંધ રાખવાનું છે, બધાએ નહીં. આમ "સર્વત્ર" ની બાબતમાં પણ સમજી લેવું જોઈએ.

આમ સર્વથા બંધ કરવાનો અર્થ બધાને નહીં, માત્ર તેને- જે દ્રવ્યાર્થિક ચક્ષુથી જોઈ રહ્યો હોય, હંમેશાં નહીં, માત્ર તે સમયે- જ્યારે તે દ્રવ્યાર્થિક

ચક્ષુથી જોઈ રહ્યો હોય; સર્વત્ર નહીં; -માત્ર તે ક્ષેત્રમાં જે ક્ષેત્રમાં તે દ્રવ્યાર્થિક ચક્ષુથી જોઈ રહ્યો હોય; એમ થાય છે.

બીજી રીતે વિચાર કરીએ તો 'સર્વથા' શબ્દનો અર્થ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ - ચારેયની અપેક્ષાએ પણ થાય છે. સર્વ, સર્વત્ર, સર્વદા - આ ક્રમમાં 'સર્વથા' અંતિમ શબ્દ છે; તેથી આનો પ્રયોગ ચારેય સમુદાયમાં પણ થઈ શકે છે; થાય પણ છે. જેમ કે - અગ્નિ સર્વથા ગરમ છે, જીવ સર્વથા ચિત્સ્વરૂપ છે, પુદ્‌ગલ સર્વથા રૂપી છે - આ ઉદાહરણોમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ - આ બધી અપેક્ષાઓ આવી જાય છે. બધાં અગ્નિ ગરમ છે, તેનો પ્રત્યેક પ્રદેશ ગરમ છે, તેની પ્રત્યેક પર્યાય ગરમ છે તેમ જ તેનો સ્વભાવ પણ ગરમ જ છે. આ પ્રકારે પ્રત્યેક જીવનાં પ્રત્યેક પ્રદેશ ચિત્સ્વરૂપ છે, પ્રત્યેક જીવની પ્રત્યેક પર્યાય ચિત્સ્વરૂપ છે અને પ્રત્યેક જીવનો સ્વભાવ પણ ચિત્સ્વરૂપ જ છે. આમ પુદ્‌ગલ પર પણ સમજી લેવું જોઈએ.

આમ આપણે જોઈએ છીએ કે  દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ – ચારેયમાં ઘટિત કરવા છતાં પણ 'સર્વથા' શબ્દથી મિથ્યા - એકાંત નહીં થાય; કારણ કે જીવ સ્વચતુષ્ટયથી[1] ચિત્સ્વરૂપ જ છે, અગ્નિ સ્વચતુષ્ટયથી ગરમ જ છે અને પુદ્‌ગલ સ્વચતુષ્ટયથી રૂપી જ છે. વસ્તુત: વાત એમ છે કે સર્વથા શબ્દને જો અપરપક્ષની ગૌણતાના અર્થમાં જ સમજવામાં આવે તો મિથ્યા - એકાંત નહીં થાય. જ્યારે તેને અપરપક્ષના નિષેધના અર્થમાં પ્રયોગ કરવામાં આવે છે, ત્યારે જ મિથ્યા - એકાંતનો દોષ આવે છે.

જેમ કોઈ પ્રયોજન વિશેષના આગ્રહથી એક આંખ ફોડી નાખનારની માત્ર તે એક આંખ જ નહીં ફૂટે, પરંતુ તે વ્યક્તિ જ કાણો થઈ જશે. તેમ એક નયના આગ્રહથી બીજા નયનો નિષેધ કરવામાં માત્ર તે નયનો જ નિષેધ નહીં થાય, પરંતુ પ્રમાણજ્ઞાન પણ ખંડિત થઈ જશે, સમ્યક્જ્ઞાન જ નહીં રહે, કેમ કે અંશોના નિષેધથી અંશીનો નિષેધ અને અંશીના નિષેધથી અંશોનો નિષેધ

સહજ જ થઈ જાય છે. તેથી શાસ્ત્રોમાં કોઈપણ નયનો સર્વથા નિષેધ કરવામાં નથી આવ્યો. ગૌણતા કોઇ દોષ નથી, તે તો નયોના સ્વરૂપમાં જ ગર્ભિત છે; અહીં વિશેષ વાત ધ્યાન રાખવા યોગ્ય એ છે કે જો જિનવાણીમાં પણ કયાંક 'નિષેધ' શબ્દનો પ્રયોગ હોય તો તેને પણ 'ગૌણ'નાં અર્થમાં જ જાણવો જોઈએ.

---------------------------------------------------

1. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને ચતુષ્ટય કહેવાય છે. પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને સ્વચતુષ્ટય તેમ જ પરનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને પરચતુષ્ટય કહેવાય છે.

દ્રવ્યાર્થિક – પર્યાયાર્થિકનયનાં પર્યાયવાચી નામ :-

જેમ કે આપણને ખ્યાલમાં છે કે પ્રત્યેક વસ્તુ સામાન્ય - વિશેષાત્મક છે. વસ્તુનાં સામાન્ય અંશને દ્રવ્ય અને વિશેષ અંશને પર્યાય કહેવાય છે.

દ્રવ્યાર્થિકનયના વિષયને દ્રવ્ય, સામાન્ય, અભેદ, નિત્ય અને એક તથા પર્યાયર્થિકનયના વિષયને પર્યાય, વિશેષ, ભેદ, અનિત્ય અને અનેક વગેરે શબ્દો દ્વારા કહેવામાં આવે છે.

આ પ્રકારે ઉક્ત નયોના સંદર્ભમાં સંક્ષેપમાં આપણે કહી શકીએ કે સામાન્ય, અભેદ, નિત્ય અને એક - આ બધાં વિશેષણ વિભિન્ન અપેક્ષાઓથી દ્રવ્યાર્થિકનયના વિષય હોવાથી દ્રવ્ય પદનાં જ પર્યાયવાચીરૂપે પ્રયોગ કરવામાં આવ્યા છે, તથા વિશેષ, ભેદ, અનિત્ય અને અનેક - આ બધાં વિશેષણ વિભિન્ન અપેક્ષાઓથી પર્યાયાર્થિકનયના વિષય હોવાથી પર્યાય પદને જ પર્યાયવાચી રૂપે વાપરવામાં આવ્યાં છે.

જોકે એક દ્રષ્ટિથી ઉપર્યુકત શબ્દો એકાર્થવાચી છે, તો પણ વિભિન્ન અપેક્ષાઓથી પ્રયુકત હોવાનાં કારણે પોતાનાં જુદા-જુદા ભાવ પણ વ્યક્ત કરે છે. જ્યારે આપણે એમ કહીએ કે વસ્તુ પર્યાયાર્થિકનયથી અનેકસ્વરૂપ છે તો સમજવું જોઈએ કે પર્યાયાર્થિકનયનો આ પ્રયોગ ભાવની અપેક્ષાએ કરવામાં આવેલો પ્રયોગ છે અને આમાં વક્તાનો અભિપ્રાય પર્યાયાર્થિકનયથી

ભાવસંબંધી વિશેષતા બતાવવાનો છે. આમ જ્યારે આપણે એમ કહીએ કે વસ્તુ પર્યાયાર્થિકથી અનિત્ય છે ત્યારે સમજવું જોઈએ કે પર્યાયાર્થિકનયનો આ પ્રયોગ કાળની અપેક્ષાએ કરવામાં આવેલો પ્રયોગ છે અને આમાં વક્તાનો અભિપ્રાય કાલસંબંધી વિશેષતા બતાવવાનો છે.

દ્રવ્યાર્થિકનયનાં આપેલાં બધાં પર્યાયવાચી નામોમાં 'દ્રવ્ય' આ નામ વધારે મહત્વનું છે. તે પ્રકારે પર્યાયાર્થિકનયનાં આપેલાં બધાં નામોમાં 'પર્યાય' આ નામ વધારે મહત્વનું છે; કારણ કે આ 'દ્રવ્ય' અને 'પર્યાય' નામોનાં કારણે જ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નામ પડ્યાં છે.

જો કે શાસ્ત્રોમાં 'દ્રવ્ય' અને 'પર્યાય' શબ્દોનાં અર્થ વિભિન્ન અપેક્ષાઓથી આપવામાં આવ્યાં છે પરંતુ દ્રવ્યાર્થિક – પર્યાયાર્થિકનયના પ્રકરણમાં 'દ્રવ્ય' એટલે દ્રવ્યાર્થિકનયનો વિષય - તે ભલે જે કાંઇ પણ હોય. સામાન્ય હોય, અભેદ હોય, નિત્ય હોય, એક હોય, કોઈપણ હોય, તે જ ઇષ્ટ છે અને 'પર્યાય' એટલે પર્યાયાર્થિકનયનો વિષય - તે ભલે જે કાંઇ પણ હોય, વિશેષ હોય, ભેદ હોય, અનિત્ય હોય, અનેક હોય; કાંઇ પણ હોય; તે જ પર્યાય શબ્દથી અભિપ્રેત છે.

અહીં એક વાત વિશેષ ધ્યાનમાં રાખવાની એ પણ છે કે ભલે અહીં દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યાંશ[1]ને દ્રવ્ય કહેવામાં આવે છે અને આગમમાં પણ આ પ્રકરણમાં ઘણું કરીને આ જ અર્થમાં આનો પ્રયોગ જોવા મળે છે, છતાં પણ આગમમાં જ ક્યાંક ક્યાંક સામાન્ય - વિશેષાત્મક અર્થાત્ દ્રવ્ય – પર્યાયાત્મક પ્રમાણની વિષયભૂત સંપૂર્ણ વસ્તુને પણ 'દ્રવ્ય' (દ્રવ્ય નં-૧) કહેવામાં આવે છે. માટે અહીં ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે કે સ્થાન વિશેષ પર દ્રવ્ય શબ્દનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યાંશના (દ્રવ્ય નં ૨)ના સંદર્ભમાં છે કે પ્રમાણની વિષયભૂત વસ્તુ (દ્રવ્ય નં-૧)નાં સંદર્ભમાં છે. આ વાતની સ્પષ્ટતા કરવા માટે કયારેક કયારેક સંપૂર્ણ વસ્તુને પ્રમાણનું દ્રવ્ય અને દ્રવ્યાંશને (દ્રવ્ય નં-૧) અને

દ્રવ્યાંશને (દ્રવ્ય નં-૨) દ્રવ્યાર્થિકનયનું દ્રવ્ય પણ કહે છે.

આ પ્રકારે આપણે જોયું કે શાસ્ત્રોમાં તો 'દ્રવ્ય' પદનો જ પ્રયોગ જોવા મળે છે;

-----------------------------------------------------

૧. 'દ્રવ્યાંશ' શબ્દનો અર્થ અહીં 'દ્રવ્યનો અંશ' નથી થતો, પરંતુ વસ્તુનો તે અંશ જેને 'દ્રવ્ય કહેવામાં' આવે છે, હોય છે.

પરંતુ સહેલાઇથી સમજવા માટે, ભ્રમ ન થાય, માટે પ્રમાણના વિષયભૂત દ્રવ્યને આપણે 'દ્રવ્ય નં-૧' અને દ્રવ્યાર્થિકનયના દ્રવ્યને 'દ્રવ્ય નં-૨' તથા દ્રવ્યાર્થિકનય – પર્યાયાર્થિકનયને વિષય બનાવવાવાળાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પ્રયુક્ત દ્રવ્યને 'દ્રવ્ય નં-૩' કહેવામાં આવે છે.

દ્રવ્યનાં સમાન 'અંશી' શબ્દ પણ બે અર્થોમાં પ્રયુક્ત થાય છે. શાસ્ત્રોમાં ક્યાંક દ્રવ્યાંશ માટે 'અંશી' અને પર્યાયાંશ માટે 'અંશ' શબ્દનો પ્રયોગ પણ કરવામાં આવ્યો છે તથા ચોખ્ખું લખ્યું છે કે જે અંશી (વસ્તુ, દ્રવ્ય નં. ૧)માં અંશી (દ્રવ્ય, દ્રવ્ય નં.૨)ના બધાં અંશ ગૌણ થઈ જાય છે, તે અંશી (દ્રવ્ય નં-૨) દ્રવ્યાર્થિકનયનો વિષય છે.


આ વાક્યથી એવો ભ્રમ થઈ શકે છે કે અંશીને તો પ્રમાણનો વિષય હોવો જોઈએ, અહીં તેને દ્રવ્યાર્થિકનયનો વિષય કેમ બતાવવામાં આવે છે?

અહીં જે અંશી (દ્રવ્ય નં. ૨)ને દ્રવ્યાર્થિકનયનો વિષય બતાવવામાં આવ્યો છે, તે અંશી (દ્રવ્ય નં. ૨) પણ વસ્તુનો એક અંશ જ છે; સંપૂર્ણ વસ્તુ નથી. સંપૂર્ણ વસ્તુ તો અંશ (પર્યાય) અને અંશી (દ્રવ્ય નં. ૨) મળીને બની છે. આ પ્રકારે આપણે જોયું કે દ્રવ્ય શબ્દની સમાન અંશી શબ્દ પણ બે અર્થોમાં પ્રયુક્ત થયો છે. સંપૂર્ણ વસ્તુ જે અંશ અને અંશી મળીને બની છે, તે પ્રમાણનો વિષય છે.

સંક્ષેપમાં એમ કહી શકાય કે શાસ્ત્રોમાં પ્રમાણના વિષયભૂત સામાન્ય - વિશેષાત્મક સંપૂર્ણ વસ્તુને પણ અંશી અને દ્રવ્ય કહેવાય છે. અને

દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યાંશને પણ દ્રવ્ય કહેવાય છે તથા દ્રવ્યાર્થિકનયના વિષયભૂત અંશીના ચાર અંશોમાંથી એક અંશને પણ દ્રવ્ય કહેવાય છે.

ઉપરનાં સમસ્ત કથનોને આપણે નીચે આપેલાં ચાર્ટ દ્વારા સારી રીતે સમજી શકીશું :-




વસ્તુને જાણવા માટે નય - પ્રમાણાત્મકની સહજ પ્રક્રિયા કઈ છે ?

સામાન્ય - વિશેષાત્મક વસ્તુને જાણવા માટે સર્વપ્રથમ પ્રમાણ દ્વારા દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુને સમગ્રરૂપથી જાણીએ. તે ઉપરાંત પર્યાયપક્ષને સર્વથા ગૌણ કરીને દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યપક્ષ પર જ પોતાની દ્રષ્ટિ

કેન્દ્રિત કરીએ. પર્યાયોની ઉપેક્ષા કરતી વખતે સમયક્ અને મિથ્યા પર્યાયોના ભેદ ન કરીને, સંપૂર્ણ પર્યાયપક્ષને અવિવક્ષિત રાખીને, માત્ર અભેદ સામાન્ય દ્રવ્ય પર જ દ્રષ્ટિ કેન્દ્રિત કરવી આવશ્યક છે, અન્યથા દ્રષ્ટિ દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્ય સુધી પહોંચી નહીં શકે. જ્યારે દ્રષ્ટિ સામાન્ય દ્રવ્ય પર પહોંચશે તો સહજ જ નિર્મળ પર્યાય પ્રગટ થશે, આત્માનુભૂતિ પ્રગટ થશે. તેના પછી જ્યારે દ્રષ્ટિ ત્યાંથી હટશે તો પર્યાય પર જશે અથવા દ્રવ્ય – પર્યાયાત્મક સંપૂર્ણ વસ્તુ પર પણ જઇ શકે છે. પણ ધ્યાન રાખવાની વાત એ છે કે પર્યાયપક્ષને ઊંડાણથી જોવા માટે દ્રષ્ટિમાં દ્રવ્યપક્ષને પૂર્ણતઃ ગૌણ કરવો પડશે; અન્યથા પર્યાયનું વાસ્તવિક સ્વરૂપ સ્પષ્ટ નહીં થઈ શકે. અંતમાં આપણાં પ્રમાણજ્ઞાનમાં નિર્મળપર્યાય સહિત સંપૂર્ણ દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુ પ્રગટ થશે. તે પ્રમાણ રૂપ સમ્યક્ જ્ઞાનમાં દ્રવ્ય અને પર્યાય એક સાથે જ્ઞાત થશે. આમ સામાન્ય – વિશેષાત્મક વસ્તુને જાણવાની આ નય-પ્રમાણાત્મક સહજ પ્રક્રિયા છે.

૩. દ્રવ્યાર્થિક નય :- ભેદ – પ્રભેદ

દ્રવ્યાર્થિકનય સામાન્ય-વિશેષાત્મક આત્મવસ્તુના નિત્ય, એક, અભેદરૂપ સામાન્યાંશને વિષય બનાવવાવાળાં છે. વિભિન્ન શાસ્ત્રોમાં ભિન્ન-ભિન્ન દ્રષ્ટિકોણથી દ્રવ્યાર્થિકનયનાં ભિન્ન-ભિન્ન ભેદ બતાવવામાં આવ્યાં છે. જેના સંબંધમાં પરમભાવપ્રકાશક નયચક્રમાં વિસ્તારથી વિચાર કર્યા બાદ ડો. હુકમચંદ ભારિલ્લનાં અનુસાર દ્રવ્યાર્થિકનયનાં મૂળભેદ છ જ છે, જે આ પ્રમાણે છે :-

૧. શુદ્ધ દ્રવ્યાર્થિકનય

૨. અશુદ્ધ દ્રવ્યાર્થિકનય

૩. અન્વયદ્રવ્યાર્થિકનય

૪. સ્વદ્રવ્યાદિગ્રાહક - દ્રવ્યાર્થિકનય

૫. પરદ્રવ્યાદિગ્રાહક – દ્રવ્યાર્થિકનય

૬. પરમભાવગ્રાહી - દ્રવ્યાર્થિકનય

આમાં શુદ્ધ દ્રવ્યાર્થિકનય અને અશુદ્ધ દ્રવ્યાર્થિકનય બંનેનાં ત્રણ - ત્રણ પ્રકાર હોય છે. તે આપણે નીચે આપેલાં ચાર્ટ દ્વારા સમજી શકીશું.

**દ્રવ્યાર્થિકનય**

- (૧) શુદ્ધ દ્રવ્યાર્થિક નય
  - (૧) કર્મોપાધિ નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય
  - (૨) ભેદકલ્પના નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય
  - (૩) ઉત્પાદ વ્યય નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય
- (૨) અશુદ્ધ દ્રવ્યાર્થિક નય
  - (૧) કર્મોપાધિ સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક નય
  - (૨) ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય
  - (૩) ઉત્પાદ વ્યય સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય
- (૩) અન્વય દ્રવ્યાર્થિક નય
- (૪) સ્વદ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિક નય
- (૫) પરદ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિક નય
- (૬) પરમભાવ ગ્રાહી દ્રવ્યાર્થિક નય

ઉપર્યુકત ભેદોમાં કર્મોપાધિ, ભેદકલ્પના અને ઉત્પાદવ્યયથી નિરપેક્ષતા જ શુદ્ધતા છે અને કર્મોપાધિ, ભેદકલ્પના અને ઉત્પાદવ્યયથી સાપેક્ષતા જ અશુદ્ધતા છે.

દ્રવ્યાર્થિકનયની વિષયભૂત આત્મવસ્તુ જોકે પર અને પર્યાયથી ભિન્ન, ભેદ-વિકલ્પોથી નિરપેક્ષ અનંતગુણાત્મક અભેદ વસ્તુ છે; તો પણ તે ઉત્પાદ - વ્યય છે સ્વરૂપ જેનું એવી પર્યાયો, પર્યાયોની ઉપાધિઓ (રાગાદિભાવ) અને ભેદ - વિકલ્પોથી સર્વથા જ ભિન્ન (પૃથકત્વ લક્ષણ) હોય એમ વાત નથી.

જોકે જોવાનું તેને (દ્રવ્યાંશને) જ છે, તો પણ તેને ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયો, પર્યાયોની ઉપાધિઓ અને ભેદ – વિકલ્પોથી સાપેક્ષ પણ જોઈ શકાય છે અને નિરપેક્ષ પણ, સાપેક્ષ જોવું અશુદ્ધતા છે અને નિરપેક્ષ જોવું શુદ્ધતા.

અહીં એક પ્રશ્ન સંભવ છે કે ઉત્પાદ - વ્યયરૂપ પર્યાયો, પર્યાયની ઉપાધિરૂપ ઔપાધિકભાવ (રાગાદિ) તથા ભેદકલ્પના - આ ત્રણેય પર્યાયરૂપ હોવાથી આ ત્રણે તો પર્યાયાર્થિકનયનાં વિષય હોવાં જોઈએ, આને અહીં દ્રવ્યાર્થિકનયનો વિષય શા માટે બતાવવામાં આવે છે?

ઉપર્યુકત કથનમાં મુખ્યતા પર્યાયની નથી, દ્રવ્યની જ છે. કારણ કે જોવામાં તો દ્રવ્ય જ આવી રહ્યું છે, પર્યાયો નહીં, વાત તો માત્ર એ છે કે પર્યાયોથી સાપેક્ષ (સહિત) દ્રવ્યને જોવું અશુદ્ધદ્રવ્યાર્થિકનયનું કામ છે અને પર્યાયોથી નિરપેક્ષ (રહિત) દ્રવ્યને જોવું શુદ્ધદ્રવ્યાર્થિકનયનું કામ છે.

અહીં પ્રયોજન તો માત્ર દ્રવ્યને જોવાનું જ છે, તેથી આ દ્રવ્યાર્થિકનય જ છે. પર્યાયો દ્રવ્યથી સર્વથા ભિન્ન નથી, પણ જો અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો પ્રયોગ ન હોય તો શુદ્ધ દ્રવ્યાર્થિકનયના જોરમાં તેને સર્વથા પૃથક્ માનવાથી ભિન્ન એકાંતનો પ્રસંગ ઉપસ્થિત થઈ જાત; તેથી અશુદ્ધ દ્રવ્યાર્થિકનયોનું કથન સાર્થક

જ છે, પ્રયોજનભૂત જ છે, નિરર્થક નથી, અપ્રયોજનભૂત પણ નથી.

જો અશુદ્ધદ્રવ્યાર્થિકનયોની જ ચર્ચા કરતાં હોત તો પર્યાયોથી ભિન્નતાવાળો પક્ષ અસ્પષ્ટ રહી જાત. તેના વિનાનો આશ્રયભૂત દ્રવ્ય જ સ્પષ્ટ ન થાત. તેથી પર્યાયોથી દ્રવ્યને નિરપેક્ષ બતાવનાર શુદ્ધદ્રવ્યાર્થિકનય પણ અપ્રયોજનભૂત નથી, પરંતુ મૂળભૂત પ્રયોજનની સિદ્ધિ કરનાર હોવાથી આવશ્યક તેમજ મહત્વપૂર્ણ છે.

એક પ્રશ્ન એ પણ સંભવ છે કે પર્યાયો સહિત દ્રવ્યને જોવું તો પ્રમાણનો વિષય હોવો જોઈએ, ન કે દ્રવ્યાર્થિકનયનો; પણ અહીં તેને દ્રવ્યાર્થિકનયનો વિષય બતાવવામાં આવી રહ્યો છે.

પ્રમાણના વિષયમાં દ્રવ્યાંશ અને પર્યાયાંશ સમાનરૂપથી મુખ્ય રહે છે, અથવા તેમાં મુખ્યતા અને ગૌણતાની વિવક્ષા જ હોતી નથી; જ્યારે અહીં દ્રવ્યાંશ મુખ્ય છે તેમજ પર્યાયાંશ ગૌણ; તેથી આ તો નિર્વિવાદરૂપથી દ્રવ્યાર્થિકનયનો જ વિષય છે, ન તો પર્યાયાર્થિકનયનો છે અને ન તો પ્રમાણનો.

વસ્તુ સામાન્ય – વિશેષાત્મક અર્થાત્ દ્રવ્યપર્યાયાત્મક હોવાથી વસ્તુભૂત દ્રવ્યમાં પર્યાયો છે તો ખરી, પણ તેમનાં રહેવાં છતાં પણ એ સંભવ છે કે દ્રવ્યાર્થિકનય તેને ગૌણ કરી દે, દેખે જ નહીં; પરંતુ વસ્તુના દ્રવ્યાંશને તેનાથી (પર્યાયોથી - કર્મોપાધિઓ, ઉત્પાદ – વ્યય અને ભેદ વિકલ્પોથી) સાપેક્ષ દેખો કે નિરપેક્ષ - આ તો દ્રવ્યાર્થિકનયની હદમાં જ આવી જાય છે.

આ પ્રકારે આપણે જોયું કે દ્રવ્યાર્થિકનયનો વિષય જોકે પ્રત્યેક વસ્તુનો દ્રવ્યાંશ હોય છે, છતાં આત્મહિતની મુખ્યતા હોવાથી અહીં આત્માને લક્ષ્યમાં રાખીને જ તેના ઉપર્યુકત ભેદ-પ્રભેદ કરવામાં આવ્યાં છે.

દ્રવ્યને પર્યાયોથી સાપેક્ષ જોવી અશુદ્ધતાનું ઉત્પાદક હોવાથી અશુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવાય છે અને દ્રવ્યને પર્યાયોથી નિરપેક્ષ જોવી

શુદ્ધતાનું ઉત્પાદક હોવાથી શુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવાય છે. અથવા સાપેક્ષતા (સહિતતા) જ અશુદ્ધતા છે અને નિરપેક્ષતા (રહિતતા) જ શુદ્ધતા છે.

સંક્ષેપમાં એમ કહી શકાય કે કર્મોપાધિ, ઉત્પાદ - વ્યય તેમ જ ભેદકલ્પનાની સાપેક્ષતાની અપેક્ષાએ ત્રણ પ્રકારના અશુદ્ધદ્રવ્યાર્થિકનય તથા તેમાં જ નિરપેક્ષતાની અપેક્ષાએ ત્રણ પ્રકારનાં શુદ્ધદ્રવ્યાર્થિકનય બને છે.

(1) શુદ્ધદ્રવ્યાર્થિકનય :- જેનું પ્રયોજન શુદ્ધદ્રવ્ય હોય છે, તેને શુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવાય છે. આ નયના ત્રણ ભેદ છે.

(a) કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય,

(b) ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય અને

(c) ઉત્પાદવ્યયનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય.

(a) કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય :- જે કર્મોથી લુપ્ત જીવને સિદ્ધ સમાન શુદ્ધ ગ્રહણ કરે છે, તેને કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય કહે છે. આ નય કર્મોની અપેક્ષા રાખતું નથી. જેમ કે - સંસારી જીવ સિદ્ધ સમાન શુદ્ધ આત્મા છે અર્થાત્ સિદ્ધ જીવ વર્તમાનમાં પર્યાયથી પણ શુદ્ધ છે. તેમ જ સંસારી જીવ પણ 'સ્વભાવથી શુદ્ધ' આત્મા છે.

(b) ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય :- જે નય ગુણ-ગુણી, ધર્મ-ધર્મી, પર્યાય – પર્યાયી અને સ્વભાવ – સ્વભાવવાનમાં ભેદ કરતો નથી; તે ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય છે. જેમ કે - દ્રવ્ય પોતાના ગુણ, પર્યાય અને સ્વભાવથી અભિન્ન છે. અર્થાત્ જીવ દ્રવ્ય પોતાના નિત્યત્વ – અનિત્યત્વ ધર્મથી અભિન્ન છે, જ્ઞાનાદિ ગુણોથી અભિન્ન છે, મતિજ્ઞાન - કેવળજ્ઞાન આદિ પર્યાયોથી અભિન્ન છે અને પોતાનાં ચેતન સ્વભાવથી અભિન્ન છે.

ઉપર્યુકત ઉદાહરણમાં જીવ ધર્મી છે અને નિત્યત્વ – અનિત્યત્વ ધર્મ છે, જીવ ગુણી છે અને જ્ઞાનાદિ ગુણ છે, જીવ પર્યાયી છે અને મતિજ્ઞાન આદિ

પર્યાયી છે તથા જીવ સ્વભાવવાન છે અને ચેતનત્વ સ્વભાવ છે.

(c) ઉત્પાદવ્યયનિરપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય :- જે નય ઉત્પાદ-વ્યયને ગૌણ કરીને કેવળ સત્તાને ગ્રહણ કરે છે, તેને ઉત્પાદવ્યયનિરપેક્ષ સત્તાગ્રાહી શુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવાય છે. જેમકે - પુરુષવર્ગની દ્રષ્ટિ હાર, કુંડલ, વીંટી વગેરે પર્યાયો પર દ્રષ્ટિ રહેવાના બદલે સોનાના નિત્ય સ્વભાવ પર હોય છે. તેમજ આ નય દ્રવ્યના ઉત્પાદ – વ્યય સ્વભાવ પર દ્રષ્ટિ રાખવાના બદલે તેના નિત્ય સ્વભાવને ગ્રહણ કરે છે. જેમ કે - દ્રવ્ય નિત્ય છે.

(2) અશુદ્ધદ્રવ્યાર્થિકનય :- જેનું પ્રયોજન અશુદ્ધદ્રવ્ય હોય છે, તેને અશુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવાય છે. આ નયનાં પણ ત્રણ ભેદ છે :-

(a) કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય,

(b) ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય અને

(c) ઉત્પાદવ્યય સાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય,

(a) કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય :- જે નય બધા રાગાદિ ભાવોને જીવ કે જીવનાં કહે છે, તે કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય છે. આ નય કર્મની ઉપાધિની અપેક્ષા કરવાવાળો છે. જેમ કે - કર્મજન્ય ક્રોધાદિ ભાવરૂપ આત્મા અથવા ક્રોધી જીવ. આમ આપણે જોઈ શકીએ છીએ કે આ નયમાં અશુદ્ધ (ઉપચરિત) સદ્દભુતવ્યવહારનય અને અશુદ્ધ નિશ્ચયનયનો - બંનેના વિષયનો સમાવેશ થઈ ગયો છે.

(b) ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય :- જે નય દ્રવ્યમાં ગુણ-ગુણી આદિનો ભેદ કરીને તેની સાથે સંબંધ કરે છે, તે ભેદકલ્પનાથી સહિત હોવાથી ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિક નય છે. જેમ કે - આત્માનાં જ્ઞાન, દર્શન, આદિ ગુણ છે. આ નયમાં શુદ્ધ (અનુપચરિત) સદ્દભૂતવ્યવહારનયના વિષયનો સમાવેશ થયો છે.

(c) ઉત્પાદવ્યયનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનય :- જે નય ઉત્પાદ - વ્યયની સાથે મળેલી સત્તાને ગ્રહણ કરીને દ્રવ્યને એક સમયમાં ઉત્પાદ – વ્યય - ધ્રૌવ્યરૂપ કહે છે, તે ઉત્પાદવ્યયનિરપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય છે. આ નય ઉત્પાદવ્યયની અપેક્ષા કરવાવાળો છે. જેમ કે - દ્રવ્ય એક જ સમયમાં ઉત્પાદ – વ્યય - ધ્રૌવ્યાત્મક છે. નીચે આપેલ પુદ્દગલના ઉદાહરણ દ્વારા આપણે સમજવાનો પ્રયત્ન કરીએ - જેમ કે બળતાં લાકડાનાં ટેબલની પર્યાયનો વ્યય, કોલસો પર્યાયનું ઉત્પાદ અને તેમાં પુદ્દગલપણું ધ્રુવ રહે છે તેવી રીતે પ્રત્યેક દ્રવ્યમાં ત્રણે (ઉત્પાદ – વ્યય – ધ્રૌવ્ય) એક જ સમયમાં વિદ્યમાન રહે છે.

(3) અન્વયદ્રવ્યાર્થિકનય :- જે નય સમસ્ત સ્વભાવોમાં 'આ દ્રવ્ય છે' - તે પ્રકારથી અન્વયરૂપથી દ્રવ્યની સ્થાપના કરે છે, તેને અન્વયદ્રવ્યાર્થિકનય કહેવાય છે. જેમ કે દ્રવ્ય, ગુણ-પર્યાય સ્વભાવવાળો છે. અનંતગુણાત્મકની સમાન વસ્તુ અનંતસ્વભાવાત્મક પણ છે. જેમ કે આત્મા જ્ઞાનસ્વભાવી છે, દર્શનસ્વભાવી છે, સુખ સ્વભાવી છે, અસ્તિસ્વભાવી છે, નાસ્તિ સ્વભાવી છે, નિત્ય સ્વભાવી છે, અનિત્ય સ્વભાવી છે, ભિન્ન સ્વભાવી છે, અભિન્ન સ્વભાવી છે, એક સ્વભાવી છે, અનેક સ્વભાવી છે, કેવળજ્ઞાનસ્વભાવી છે, વગેરે. આ બધાં સ્વભાવોમાં કેટલાંક ગુણસ્વભાવ છે, કેટલાંક પર્યાયસ્વભાવ છે- આ પ્રકારે આત્મા ગુણપર્યાયસ્વભાવી છે. આ બધાં સ્વભાવોમાં 'આ આત્મા છે' - આમ અન્વયરૂપથી દ્રવ્યની સ્થાપના કરવી  અન્વયદ્રવ્યાર્થિકનયનું કામ છે. જોકે દ્રવ્યના અનંતસ્વભાવોનું કથન સંભવ નથી, તો પણ એકાદ સ્વભાવોના કથન દ્વારા તેની સાથે અન્વયરૂપથી રહેવાવાળાં અનંત સ્વભાવોને અભેદ રૂપથી ગ્રહણ કરવું જ આ નયનું મૂળ પ્રયોજન છે. જ્યારે આપણે આત્માને જ્ઞાનસ્વભાવી અથવા જ્ઞાનાનંદસ્વભાવી કહીએ છીએ, ત્યારે આપણો અભિપ્રાય તો માત્ર જ્ઞાનસ્વભાવી અથવા આનંદસ્વભાવી અથવા જ્ઞાનાનંદસ્વભાવી કહેવાનો નથી હોતો, પરંતુ જ્ઞાન અને આનંદ જેવા અનંત સ્વભાવોથી સંયુકત અનંતસ્વભાવી અખંડ - અભેદ આત્મા સમજાવવાનો હોય છે.

સંક્ષેપમાં એમ કહી શકાય કે અનંત સ્વભાવોથી સંયુકત અખંડ – અભેદ વસ્તુને તેના કોઈ એક અથવા એકાધિક સ્વભાવના કથન દ્વારા સમજવા - સમજાવવાનું અન્વયદ્રવ્યાર્થિકનયનું કામ છે.

(a) સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય :- જે નય સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવમાં સત્ દ્રવ્યને ગ્રહણ કરે છે, તેને સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય કહેવાય છે. જેમ કે દ્રવ્ય, સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવની અપેક્ષા સત્ છે. સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય અસ્તિસ્વભાવવાળો છે.

(b) પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય :- જે નય પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવમાં અસત્ દ્રવ્યને ગ્રહણ કરે છે તેને પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય કહેવાય છે. જેમ કે દ્રવ્ય, પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવની અપેક્ષા અસત્ છે. પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય નાસ્તિસ્વભાવવાળો છે.

સત્ અને અસત્, ભાવ અને અભાવ અથવા અસ્તિત્વ અને નાસ્તિત્વ પ્રત્યેક દ્રવ્યના પોતાનાં સ્વભાવ છે, ધર્મ છે, શક્તિ છે. જો કે આ બંનેની અપેક્ષાઓ જુદી-જુદી છે, પરંતુ દ્રવ્યમાં આ બંનેની અપેક્ષા સમાનરૂપથી જ વિદ્યમાન છે. તાત્પર્ય એ છે કે નાસ્તિત્વ ધર્મની સત્તા વસ્તુમાં અસ્તિત્વ ધર્મની સમાન જ શક્તિરૂપથી વિદ્યમાન છે.

સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય અને પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયને આપણે નીચે આપેલાં અંતર (તફાવત) દ્વારા સમજવાનો પ્રયત્ન કરીશું.

| સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય | પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય |
|---|---|
| 1. આ નય અસ્તિ સ્વભાવનો ગ્રાહક છે. | 1. આ નય નાસ્તિ સ્વભાવ ગ્રાહક છે. |
| 2. પ્રત્યેક દ્રવ્ય સ્વચતુષ્ટયની અપેક્ષા સત્ (ભાવરૂપ - અસ્તિરૂપ) છે. | 2. પ્રત્યેક દ્રવ્ય પરચતુષ્ટયની અપેક્ષા અસત્ (અભાવસ્વરૂપ - નાસ્તિરૂપ) છે. |
| 3. આનું કાર્ય પોતાને વિઘટિત (વિખેરવાથી) થવાથી બચાવાનું છે. | 3. આનું કાર્ય પરનાં હસ્તક્ષેપથી સુરક્ષા કરવાનું છે. |
| 4. આ ગૃહ-મંત્રાલયની જેમ કામ સંભાળે છે અર્થાત્ અસ્તિ - સ્વભાવ ગૃહ મંત્રાલયની સમાન આંતરિક વિઘટનને રોકે છે. | 4. આ રક્ષા-મંત્રાલયની જેમ કામ સંભાળે છે અર્થાત્ નાસ્તિ - સ્વભાવ રક્ષા મંત્રાલયની સમાન પોતાની સીમાઓને સુરક્ષિત રાખે છે. |

વસ્તુત: ઉપર્યુકત બંને નયોનું કામ ક્રમશ: વસ્તુની સ્વતંત્રતા કાયમ રાખવાનું અને તેનું પ્રતિપાદન કરવાનું છે. અર્થાત્ પ્રત્યેક દ્રવ્ય પૂર્ણ સ્વતંત્ર છે, કોઈ કોઈના કાર્યમાં હસ્તક્ષેપ કરતું નથી, આ બંને નયોનું પ્રયોજન આ મહાન સિદ્ધાંતનું પ્રતિપાદન કરવાનું જ છે.

(c) પરમભાવગ્રાહી દ્રવ્યાર્થિકનય :- જે નય શુદ્ધ, અશુદ્ધ અને ઉપચરિતસ્વભાવથી રહિત પરમસ્વભાવને ગ્રહણ કરે છે, તેને પરમભાવગ્રાહી દ્રવ્યાર્થિકનય કહેવાય છે. જેમ કે - આત્મા જ્ઞાન સ્વરૂપ છે.

ઉપર્યુક્ત કથનથી એ પ્રતીત થાય છે કે પરમભાવગ્રાહી દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યસ્વભાવ ત્રણ પ્રકારનાં શુદ્ધનયોની વિષયભૂત શુદ્ધતા (નિરપેક્ષતા), ત્રણ પ્રકારનાં અશુદ્ધનયોની વિષયભૂત અશુદ્ધતા (સાપેક્ષતા) અને અસદ્દભૂતવ્યવહારનયના વિષયભૂત સંયોગાદિથી રહિત છે. સદ્દભૂતવ્યવહારનયના વિષયભૂત સંયોગાદિથી રહિત છે. સદ્દભૂતવ્યવહારનયના ભેદ પણ શુદ્ધ તેમજ અશુદ્ધના રૂપમાં કરવામાં આવે છે; તેથી શુદ્ધ, અશુદ્ધ અને ઉપચરિતથી રહિતમાં સદ્દભુત તેમજ અસદ્દભુત બંને પ્રકારનાં વ્યવહારનયોનો નિષેધ પણ સમાહિત થઈ જાય છે. આમ આ દ્રવ્યસ્વભાવ સંયોગ અને સાપેક્ષ - નિરપેક્ષતાના વિકલ્પોથી પણ પાર પરમસ્વભાવરૂપ છે. પરમપરિણામિકભાવરૂપ હોવાથી જ દ્રવ્યસ્વભાવનું નામ પરમભાવ પડ્યું છે.

(4) પર્યાયર્થિકનય : ભેદ - પ્રભેદ :-

પર્યાયર્થિકનય સામાન્ય – વિશેષાત્મક આત્મવસ્તુના અનિત્ય, અનેક, ભેદરૂપ વિશેષાંશને વિષય બનાવવાવાળો છે. તેના છ ભેદ છે :-

(1) અનાદિનિત્યપર્યાયાર્થિકનય

(2) સાદિનિત્યપર્યાયાર્થિકનય

(3) સત્તા - નિરપેક્ષ – અનિત્યશુદ્ધપર્યાયાર્થિકનય

(4) સત્તાસાપેક્ષ - અનિત્ય – અશુદ્ધપર્યાયાર્થિકનય

(5) કર્મોપાધિ નિરપેક્ષ - અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય

### (6) કર્મોપાધિ સાપેક્ષ - અનિત્ય - અશુદ્ધ પર્યાયાર્થિકનય

પર્યાયાર્થિકનયોમાં પણ દ્રવ્યાર્થિકનયોની સમાન શુદ્ધતા અને અશુદ્ધતાનો આધાર નિરપેક્ષતા અને સાપેક્ષતા જ છે. શરૂઆતનાં બે પર્યાયાર્થિકનયોમાં સાપેક્ષતા અને નિરપેક્ષતાનો આધાર ન હોવાથી તેમાં શુદ્ધ - અશુદ્ધનો ભેદ સંભવતો નથી. ત્રીજો નય સત્તાનિરપેક્ષ ઉત્પાદવ્યયનો ગ્રાહક હોવાથી અનિત્યશુદ્ધ પર્યાયાર્થિકનય છે તથા ચોથો નય સત્તાસાપેક્ષ ઉત્પાદવ્યયનો ગ્રાહક અર્થાત્ ઉત્પાદ - વ્યય – ધ્રૌવ્ય ત્રણેનો ગ્રાહક હોવાથી અનિત્ય અશુદ્ધપર્યાયાર્થિકનય છે. આ પ્રમાણે પાંચમો નય કર્મોપાધિ નિરપેક્ષ હોવાથી 'શુદ્ધ' કહેવાય છે, છઠ્ઠો નય કર્મોપાધિ સાપેક્ષ હોવાથી 'અશુદ્ધ' કહેવાય છે.

આમ ઉપર્યુકત છ પ્રકારોમાં ત્રીજો અને પાંચમો 'શુદ્ધ' તથા ચોથો અને છઠ્ઠો 'અશુદ્ધ' નય છે. પર્યાયાર્થિકનયના ઉક્ત ભેદોમાં આરંભના (શરૂઆતનાં) બે ભેદ નિત્યપર્યાયગ્રાહી છે અને બાકીનાં ચાર અનિત્યપર્યાયગ્રાહી છે. નિત્યપર્યાયગ્રાહી અનાદિનિત્ય અને સાદિનિત્ય નયોમાં 'શુદ્ધ' અને 'અશુદ્ધ' વિશેષણોનો પ્રયોગ નથી, જ્યારે અનિત્યપર્યાયગ્રાહી નયોમાં આ પ્રકારનાં વિશેષણ જોવા મળે છે.

પર્યાયાર્થિકનયનાં ઉક્ત ભેદ-પ્રભેદો પર દ્રષ્ટિ કરતાં એક પ્રશ્ન સહજ જ ઉત્પન્ન થાય છે કે જો પર્યાય અનિત્ય જ હોય છે, એક સમયની જ હોય છે તો પછી તેને અનાદિનિત્ય કે સાદિનિત્ય કેમ કહી શકાય ? જોકે આ વાત પૂર્ણત: સત્ય છે કે પર્યાય એક સમયની જ હોય છે, છતાં પણ એક સમયની પર્યાયને પ્રત્યક્ષ તો કેવળી ભગવાન જ જાણે છે. ક્ષયોપશમજ્ઞાનવાળાં તો તેને સર્વજ્ઞકથિત આગમ અને અનુમાન વડે જ જાણે છે, પ્રતિસમય થવાવાળું પરિણમન ક્ષયોપશમજ્ઞાનીઓની પકડમાં તત્સમય આવતું નથી.

જો એક સમયવર્તી સૂક્ષ્મ (નિશ્ચય-વાસ્તવિક) પર્યાયને જ પર્યાય માનીશું, તો કેટલીક પર્યાયોના સમૂહરૂપ અનેક સમયવર્તી સ્થૂળ (વ્યવહાર-

પ્રયોજનપરક) પર્યાયોને પર્યાય જ સ્વીકાર નહીં કરીશું તો ક્ષયોપશમ જ્ઞાનવાળાઓને પર્યાયાર્થિકનય જ નહીં બની શકે. જો કોઈ પણ રીતે સૈદ્ધાંતિક રૂપમાં ઘટિત કરી લેવામાં આવે તો પણ તેના પ્રયોજનભૂત પ્રાયોગિક પક્ષનો લોપ તો થઈ જશે; કારણ કે પછી મનુષ્ય, દેવ, નરક વગેરે સંસારી પર્યાયો તથા સિદ્ધપર્યાય ને પણ 'પર્યાય' - સંજ્ઞાની પ્રાપ્તિ થઈ શકશે નહીં, આવી સ્થિતિમાં પર્યાયાર્થિકનય ઉક્ત કોઈપણ પ્રકારને ઘટિત કરવું સંભવિત નહીં થાય.

તથા નયોનું પ્રયોજન ક્ષયોપશમજ્ઞાનવાળાઓને જ હોય છે. તેથી પર્યાયાર્થિકનય જે પર્યાયોને વિષય બનાવે છે, તેમાં એક સમયની પર્યાય સાથે - સાથે અનેક સમયોના સમુદાયરૂપ પર્યાયો પણ છે. જેમ કે - મનુષ્યપર્યાય, દેવપર્યાય, નરકપર્યાય, તિર્યંચપર્યાય, સંસારપર્યાય, સિદ્ધપર્યાય વગેરે.

આમ આપણે જોયું કે એકસમયવર્તી પર્યાય સિવાય અનેક સમયવર્તી ઔપચારિક પર્યાયોનું કથન પણ આગમ અને પરમાગમમાં વિસ્તારથી આવે છે; કારણ કે પર્યાયોનો સમૂહ પણ પર્યાય (સ્થૂળ પર્યાય) તો છે જ. જે પણ પર્યાયાર્થિકનયનો વિષય છે, તે બધી પર્યાય છે.

આ વાતને ધ્યાનમાં રાખીને આગમમાં ચાર પ્રકારે પર્યાયોનું વર્ગીકરણ નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે.

(1) અનાદિ - અનંત પર્યાય,

(2) અનાદિ - સાંત પર્યાય,

(3) સાદિ - અનંત પર્યાય,

(4) સાદિ - સાંત પર્યાય.

(1) જે અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે, તેને અનાદિ અનંત પર્યાય કહેવાય છે. જેમ કે - સુમેરુ પર્વત; અકૃત્રિમ જિનબિંબ અને જિનચૈત્યાલય વગેરે પુદ્ગલપર્યાયો.

(2) જે પર્યાયો છે તો અનાદિકાળથી, પણ જેનો અંત થઈ જાય છે, તેને અનાદિ - સાંત કહે છે. - જેમ કે જીવની સંસારપર્યાય.

(3) જે પર્યાય ન તો અનાદિ છે અને ન તો અનંત, તેને સાદિ સાંત કહે છે. જેમ કે - જીવની મનુષ્ય પર્યાય વગેરે. એક સમયની પર્યાય પણ આમાં આવી જાય છે.

(4) જે પર્યાયો ન તો અનાદિ છે, પણ અનંતકાળ સુધી રહેવાવાળી છે. તેને સાદિ - અનંત કહે છે. જેમ કે - જીવની સિદ્ધપર્યાય.

ધ્યાન રહે, જે પર્યાયોને અહીં અનાદિ - અનંત વગેરે બતાવવામાં આવી રહી છે, તે પણ પ્રતિસમય બદલાતી જ હોય છે, છતાં પણ લગભગ એવી ને એવી જ રહે છે - આ અપેક્ષાએ તેને એક પર્યાય કહેવામાં આવે છે, સિદ્ધપર્યાય તો પ્રતિસમય બદલીને પણ અનંતકાળ સુધી પૂર્ણત: એવી ને એવી જ રહે છે. મનુષ્યાદિ સંસારી પર્યાયોમાં થોડો-ઘણો બદલાવ આવે પણ છે, તો પણ લગભગ એવી ને એવી રહે છે. આ પ્રમાણે સુમેરુ પર્વતાદિ પુદ્ગલસ્કંધરૂપ પર્યાયોના વિષે પણ સમજવું જોઈએ.

આમ બધી પર્યાયો અનિત્ય જ હોય છે, છતાં પણ અનંતકાળ સુધી રહેવાવાળી અનાદિ-અનંત અને સાદિ - અનંત પર્યાયોને નિત્ય પણ કહેવામાં આવે છે. અહીં નિત્યતાની નિયામક અનંતતા જ છે, અનાદિપણું નહીં.


સંક્ષેપમાં કહીએ તો આને અનાદિ - અનંત તેમજ સાદિ - અનંત પર્યાયોને વિષય બનાવવાવાળાં ક્રમશ: અનાદિનિત્ય પર્યાયાર્થિકનય તેમજ સાદિનિત્યપર્યાયાર્થિકનય છે.

અનંતતાથી રહિત પર્યાયોને વિષય બનાવનાર બાકીનાં ચાર નય અનિત્યપર્યાયગ્રાહી કહેવામાં આવે છે, અનિત્યપર્યાયગ્રાહીનય શુદ્ધ અને અશુદ્ધ એમ બે ભેદોમાં વિભાજિત થાય છે. શુદ્ધતા અને અશુદ્ધતાનો આધાર પણ બે પ્રકારનો છે. આમ અનિત્યપર્યાયગ્રાહી - પર્યાયાર્થિકનય ચાર પ્રકારનાં હોય છે.

પર્યાયનું સામાન્ય સ્વરૂપ ઉત્પાદ - વ્યય છે, જ્યારે આ ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયને સત્તાથી નિરપેક્ષ જોવામાં આવ્યા છે, ત્યારે તેને 'શુદ્ધ' અર્થાત્ 'સત્તાનિરપેક્ષ – ઉત્પાદવ્યયગ્રાહી અનિત્યશુદ્ધ પર્યાયાર્થિકનય' કહેવામાં આવે છે. તથા જ્યારે ઉત્પાદવ્યયરૂપ પર્યાયને સત્તાથી સાપેક્ષ જોવામાં આવે છે, ત્યારે તેને 'અશુદ્ધ' અર્થાત્ 'સત્તાસાપેક્ષ – ઉત્પાદવ્યયગ્રાહી અનિત્યઅશુદ્ધ પર્યાયાર્થિકનય' કહેવામાં આવે છે.

આ રીતે જ્યારે કર્મની ઉપાધિથી નિરપેક્ષ જોવામાં આવે છે, ત્યારે શુદ્ધ અર્થાત્ 'કર્મોપાધિનિરપેક્ષ - અનિત્યશુદ્ધ પર્યાયાર્થિકનય' કહેવામાં આવે છે તથા જ્યારે કર્મની ઉપાધિથી સાપેક્ષ જોવામાં આવે છે ત્યારે 'અશુદ્ધ' અર્થાત્ 'કર્મોપાધિસાપેક્ષ - અનિત્યઅશુદ્ધ પર્યાયાર્થિકનય' કહેવામાં આવે છે.

ઉપર્યુક્ત ભેદોને નીચે આપેલાં ચાર્ટ દ્વારા સારી રીતે સમજી શકીશું.


પર્યાયાર્થિકનય
નિત્યપર્યાયગ્રાહી
અનિત્યપર્યાયગ્રાહી
(૧) અનાદિ - નિત્ય પર્યાયાર્થિક નય
(૨) સાદિ - નિત્ય પર્યાયાર્થિક નય
શુદ્ધ અનિત્ય પર્યાયગ્રાહી
અશુદ્ધ અનિત્ય પર્યાયગ્રાહી
(૩) સત્તા નિરપેક્ષ અનિત્ય-શુદ્ધ-પર્યાયાર્થિક નય
(૫) કર્મોપાધિ નિરપેક્ષ અનિત્ય - શુદ્ધ પર્યાયાર્થિક નય
(૪) સત્તા સાપેક્ષ અનિત્ય - અશુદ્ધ પર્યાયાર્થિક નય
(૬) કર્મોપાધિ સાપેક્ષ અનિત્ય - અશુદ્ધ પર્યાયાર્થિક નય

1. અનાદિ - નિત્ય પર્યાયાર્થિકનય :- જે નય અનાદિ - અનંત પર્યાયોને ગ્રહણ કરે છે, તેને અનાદિનિત્યપર્યાયાર્થિકનય કહે છે. જેમ કે - ચંદ્ર, સૂર્ય અને સુમેરુ પર્વત વગેરે નિત્ય છે.

2. સાદિનિત્યપર્યાયાર્થિકનય :- જે પર્યાય કર્મોના ક્ષયથી ઉત્પન્ન થવાનાં કારણે સાદિ છે અને વિનાશનું કારણ ન હોવાથી અવિનાશી છે - એવી સાદિનિત્યપર્યાયને ગ્રહણ કરવાવાળાં નયને સાદિનિત્યપર્યાયાર્થિકનય કહેવામા આવે છે. જેમ કે - સિદ્ધપર્યાય નિત્ય છે.

3. સત્તા નિરપેક્ષ - અનિત્યશુદ્ધ પર્યાયાર્થિકનય :- જે સત્તાને ગ્રહણ કરીને ઉત્પાદ - વ્યયને ગ્રહણ કરે છે, તેને સત્તાનિરપેક્ષ - અનિત્યશુદ્ધ પર્યાયાર્થિકનય કહેવામાં આવે છે. જેમ કે - પર્યાયો પ્રતિસમય વિનાશશીલ છે.

4. સત્તા સાપેક્ષ – અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય :- જે એક સમયમાં ધ્રુવત્વ (સત્તા)થી સંયુક્ત ઉત્પાદ - વ્યયને ગ્રહણ કરે છે, તેને સત્તા સાપેક્ષ – અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય કહેવામાં આવે છે. જેમકે - એક સમયમાં પર્યાય ત્રયાત્મક (ઉત્પાદ - વ્યય – ધ્રૌવ્યાત્મક) છે.

5. કર્મોપાધિ નિરપેક્ષ – અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય :- જે કર્મોપાધિથી નિરપેક્ષ પર્યાયને ગ્રહણ કરે છે, તેને કર્મોપાધિ નિરપેક્ષ – અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય કહેવામાં આવે છે. જેમ કે - સંસારી જીવોની પર્યાય સિદ્ધજીવોની પર્યાય સમાન શુદ્ધ છે.

6. કર્મોપાધિ સાપેક્ષ – અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય :- જે કર્મોપાધિથી સાપેક્ષ પર્યાયને ગ્રહણ કરે છે, તેને કર્મોપાધિ સાપેક્ષ – અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય કહેવામાં આવે છે. આ નય ચાર ગતિઓનાં સંસારી જીવોની અનિત્ય, અશુદ્ધ પર્યાયોનું કથન કરે છે. જેમ કે - સંસારી જીવોને જન્મ અને મરણ હોય છે.

::::::::::::: સમાપ્ત : ::::::::::

3 જું પ્રૂફ માટે : બીજો ખંડ : સમાપ્ત : તા. ૭-૧-૨૦૨૧